સુવિચાર
''આપણા ભવિષ્યની બત્તી ચાલું હોય કે બંધ, આપણે આપણાં કર્મના દીવાને કદી ફૂંક ન મારવી જોઈએ.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૧૧/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૨૮૩

## રાજકોટ–ભાવનગર વચ્ચેનાં માર્ગની રેલીંગ તૂટી ગયા બાદ જૈસે થે પરિસ્થિતિ

# બાબરામાં ટ્રાફિકથી ધમધમતા માર્ગનાં નાળા ઉપર રેલીંગનાં અભાવે પરેશાની

- રેલીંગ વગરનાં નાળા નજીક શાળા, ધાર્મિક સ્થાનો અને રહેણાંક વિસ્તાર હોવાથી અકસ્માતની ભીતિ
- ઘણા મહિનાઓથી રેલીંગ તૂટી ગઈ છતાં માર્ગ–મકાન વિભાગને કોઈ ખબર જ નથી
- કોઈ અકસ્માતની ઘટના બને તે પહેલા માર્ગ–મકાન વિભાગ યુધ્ધનાં ધોરણે રેલીંગ લગાવે
- માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓએ ફિલ્ડ ઉપર ક્યારેક સમય કાઢીને નિરીક્ષણ કરવું જરૂરી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરામાં પસાર થતો રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે રોડ પર અહીં નીલકંઠ મહાદેવ મંદિર નજીક એક નાળાની રેલીંગ ઘણા મહિનાઓથી તૂટી ગઈ છે પણ હજુ સુધી તંત્રના ધ્યાને આ બાબત આવી નથી. રોડની મરામત કરતું તંત્રને શું આ તૂટેલી રેલીંગ નહિ જોવા મળી હોય ? એવા સવાલ પણ સ્થાનિક લોકોમાંથી ઉઠવા પામ્યા છે. હાલ તો તંત્રની બેદરકારી કહો કે આળસ આ

અનુસંધાન પાના ૬ ઉપર

### શ્રમિક પરિવારનો બાળક રમતો હોય

## બાઢડા ગામ નજીક પસાર થતી ટ્રેન નીચે આવી જતાં બાળકનું મોત

**મધ્યપ્રદેશનાં શ્રમિક પરિવારમાં શોકનો માહોલ**

અમરેલી, તા. ૧૫

મધ્યપ્રદેશના વતની અને હાલ સાવરકુંડલા તાલુકાનાં બાઢડા આવેલ ગામે ગોરધનભાઈ કરમશિભાઈ નાકરાણીની વાડી–ખેતર ભાગ્યું રાખેલ વાડીએ રહેતાં પ્રદીપભાઈ ઈન્દ્રસિંહ ભુરીયા નામનાં ૨૫ વર્ષીય યુવકનો પુત્ર અંકીત પ્રદીપભાઈ ભુરીયા નામનો ૨ વર્ષ ૬ મહીનાની ઉંમરનો ગત તા. ૧૪ ના સવારે આશરે ૮/૧૫ વાગ્યાની આસપાસ બાઢડા ગામે ગોરધનભાઈ કરમશિભાઈ નાકરાણીની વાડી પાસે આવેલ રેલ્વે ટ્રેક પાસે રમતો હોય રમતા રમતા રેલ્વે ટ્રેક પાસે પહોંચી ગયેલ અને તેવામાં ટ્રેન પસાર થતા ટ્રેન નીચે આવી જતા ગંભીર ઈજા થતાં આ બાળકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## શેલદેદુમલ જળાશય સ્થિત સૂર્યાસ્તનો નયનરમ્ય નજારો


અમરેલી જિલ્લા સહિત સૌરાષ્ટ્રમાં શિયાળએ છડી પોકારી ધીમે ધીમે ફુલગુલબી ઠંડી પોતાનુ સામ્રાજય વધારતી જાય છે. ત્યારે જામતા શિયાળાની સાંજે હાથસણીના દેદુમલ જળાશય સ્થિત સૂર્યાસ્ત સમયે ઝીલાયેલ અદ્ભુત નયનરમ્ય નજારો.

### જીજે–૦૫–આરઈ–૩૭૧૩ નં.ની કાર ચાલકની બેદરકારી

## પીઠવડીથી સેંજળ માર્ગ ઉપર કાર ચાલકે હડફેટે લેતા બાઈક સવારનું મોત

**બાઈકમાં સવાર અન્ય ૧ વ્યકિત ઈજાગ્રસ્ત**

અમરેલી, તા. ૧૫

મહુવા તાલુકાના કુંભણ ગામે રહેતાં કેતનભાઈ ધીરૂભાઈ આકોળીયા નામનાં ૨૧ વર્ષીય યુવક તથા અન્ય એક વ્યકિત મોટર સાયકલ નં.જી.જે– ૦૪ –એઆર–૪૭૮૨ નું લઈને તા. ૧૩ ના રોજ બપોરનાં ૩ વાગ્યે મોટા ઝીંઝુડાથી સેંજળ તરફ જતા હતા તે દરમ્યાન પીઠવડીથી સેંજળ ગામ વચ્ચે પહોંચતા સામેથી આવતી ફોરવ્હીલ નં.જીજે–૦૫ આરઈ–૩૭૧૩ ના ચાલકે પોતાના હવાલા વાળી ફોરવ્હીલ કાર પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી ચલાવી કેતનભાઈ આકોળીયાની મોટર સાયકલ સાથે ભટકાડી અકસ્માત કરી કેતનભાઈ ધીરૂભાઈ આકોળીયાને માથાના ભાગે તથા દાઢીના ભાગે ગંભીર ઈજાઓ કરી તેમનું મોત નિપજાવી તથા જનકભાઈને મોઢાના ભાગે ઈજા કરી ફોરવ્હીલ ચાલક નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna Dining Hall
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,12,100/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100 % શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ • મરવાના વિચાર આવવા • વિચારવાયુ • વહેમ, શંકા • મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન • માથાનો દુઃખાવો • જાતિય રોગો • વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

ADMISSION OPEN
NCT NETRA CHIKITSA TRUST SCHOOL OF NURSING AMRELI
• GNM NURSING
• ANM NURSING
Open Registration 2025-2026
સરકારી નોકરીમાં ઉજ્જવળ તક આપતા કોર્ષ
સુવિધા
SC/ST ના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપની સુવિધા
હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
સ્થળ
NCT કેમ્પસ, ગોળ હોસ્પિટલ, મિત્તલ રોડ, અમરેલી
વધુ માહિતી માટે સંપર્ક કરો
૭૯૮૪૬૯૧૨૨૭
સમય : ૯ થી ૫

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. 10,000 કે તેથી વધુ સોના-ચાંદીના દાગીનાની ખરીદી કરો અને મેળવો લાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

## ટિકા ટિપ્પણી કરતાં વિઝન સાથે વિકાસ એજ લક્ષ : ધારાસભ્ય કસવાલા

# ભૈ વાહ : લીલીયા મોટા પંથકમાં ૩૦ કરોડનાં ખર્ચે થશે વિકાસ કાર્યો

**કાંકચ ગામની ૫ હજાર વિઘા જમીન શેત્રુંજી નદીનાં સામે કાંઠાનો થશે વિકાસ**

**કાંકચ–કેરાળા અને લીલીયા–સાવરકુંડલાનાં ૧૬ ગામો માટે નવો પુલ આશીર્વાદરૂપ બનશે**

**અનેક માર્ગોનાં નાળા અને પુલિયાનું નવિનીકરણ કરવામાં આવશે**

**ભૂમિપૂજન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા**






લીલીયા, તા. ૧૫

લીલીયા તાલુકાના અલગ અલગ ગામોમાં સરકારની વિવિધ યોજનાઓને લઈ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ભૂમિપૂજન કરવામાં આવ્યું. જેમાં સલડી ખાતે પુર સંરક્ષણ દીવાલના કામનું ૨૪ લાખ જેવી માતબર રકમથી પુર સંરક્ષણ દીવાલનું ભૂમિપૂજન કરાયું. તેવી જ રીતે બોડીયા ખાતે ગેબીએન પુર સંરક્ષણ દીવાલ જે ૪૮ લાખ જેવી માતબર રકમની બનવા જઈ રહી હોય ત્યારે તેમનું ભૂમિપૂજન પણ ધારાસભ્ય દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ ખારા, પાંચ તલાવડા, નાના કણકોટના પાટીયા સુધીના સાત મીટર પહોળાઈ વાળા રોડ અને વચ્ચે આવતા નાળા, પુલિયાના નવીનીકરણ માટે રૂપિયા ૧૬ કરોડ જેવી માતબર રકમના કામનું ધારાસભ્યના વરદ હસ્તે ભૂમિપૂજન કરાયું. ત્યારબાદ લીલીયા તાલુકાના કાંકચ નજીક શેત્રુંજી નદી પર કાંકચથી કેરાળા જવા માટે રૂપિયા ૧૪ કરોડના ખર્ચે નવ નિર્મિત થનાર બ્રિજનું ભૂમિપૂજન ધારાસભ્યના વરદ હસ્તે કરવામાં આવેલ. આ પુલનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા કાંકચથી અવારનવાર કેરાળા, સાવરકુંડલા, વંડા જનાર વાહન ચાલકોને મોટો ફાયદો થશે સાથે સાથે કાંકચ ગામના ખેડૂતોની હજારો વીઘા ખેતીની જમીન શેત્રુંજી નદીના સામે કાંઠે આવેલ હોય તે ચોમાસા દરમિયાન શેત્રુંજી નદીમાં વરસાદી પાણીની પુષ્કળ આવકના લીધે ખેડૂતને પોતાના ખેતી કામો માટે જવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો તે બ્રિજ બન્યા બાદ સ્થાનિક ખેડૂતોને પણ મોટી રાહત મળશે. જેને લઈ વિસ્તારના લોકો માટે સરકારમાંથી વિવિધ યોજનાઓના લાભ આપવામાં અગ્રેસર રહેતા ધારાસભ્યની ચારે તરફ પ્રશંસા થઈ રહી છે.

આ તકે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝીંઝુવાડીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ચતુરભાઈ કાકડીયા, ભનુભાઈ ડાભી, કાનજીભાઈ નાકરાણી, રાશિભાઈ ડેર, બાબુભાઈ ધામત, અરૂણભાઈ પટેલ, હિતેશ પરમાર, ધીરૂભાઈ ખુમાણ, હસમુખ પોલરા, કિશોરભાઈ ગરાણીયા, પરેશ પહાડા, ભીખાભાઈ ધારૈયા સહિતના તાલુકા પંચાયત સદસ્યો, વિવિધ સેલ મોર્ચાના હોદ્દેદારો આ તકે ઉપસ્થિત રહેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### વેરાવળ–બાંદ્રા રૂટની ટ્રેન પસાર થતી હોય

## વડિયામાં સમી સાંજે ટ્રેન હડફેટે ચડી જતાં બાળ સિંહ ઈજાગ્રસ્ત થયુ

**વનવિભાગે ઘટના સ્થળે દોડી સારવાર શરૂ કરી**


તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧૫

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાથી પસાર થતી બ્રોડગેજ રેલ્વે લાઈનમાં વડિયાથી જેતપુર તરફ જતા ટ્રેકમાં વડિયા અને સ્ટેશન વાવડી વચ્ચે વેરાવળ–બાંદ્રા ટ્રેન રાત્રીના સમયે પસાર થતી હતી. ત્યારે એક છ માસ આસપાસનું સિંહ બાળ ટ્રેન સાથે અથડાતા ઘાયલ થયું હતુ. આ સમયે ટ્રેન ચાલકના ધ્યાને આવતા ટ્રેન રોકવામાં આવી હતી અને સિંહ બાળને બચાવવાં પ્રયત્ન થયા હતા. આ સિંહ બાળ ઘાયલ થયાના સમાચાર વન વિભાગને મળતા વડિયા વિસ્તારના વનકર્મીઓ હાર્દિક રાખોલીયા અને જયેશ સીસારા દ્વારા આ સાથે સંકળાયેલ અધિકારીઓને જાણ કરી તુરંત અધિકારી પણ દોડી આવ્યા હતા અને આ સિંહબાળને સારવાર માટે એનિમલ કેર સેન્ટરમાં ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વડિયા વિસ્તારમાં ઘણા સમયથી સિંહ પરિવારના આંટાફેરા હોવાથી અહીં ફોરેસ્ટ વિભાગ દ્વારા સિંહની પૂરતી દેખરેખ રાખવામાં આવે અને ભવિષ્યમાં ટ્રેન હડફેટે સિંહના અકસ્માતને અટકાવી શકાય તે બાબતે કાર્યવાહી કરવી જરૂરી બને છે.

### જિલ્લા કોંગ્રી પ્રમુખ પ્રતાપ દુધાતની રજુઆત

## કૃષિ સહાય પેકેજમાં નાના ખેડૂત ખાતેદારો અને અવસાન પામેલ ખેડૂતોનાં વારસદારોનો સમાવેશ કરો

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવવામાં આવ્યો**



અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં પડેલા કમોસમી વરસાદને કારણે રાજયના ખેડૂતોના વ્યાપક નુકસાન થયું છે. નકલ્યાણકારી સરકાર ધ્વારા ખેડૂતોને રાહતરૂપ થવા માટે રૂા. ૧૦,૦૦૦ કરોડનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

પરંતુ ઉપરોકત સહાય પેકેજની અમલ પ્રક્રિયામાં બે હેકટરમાં ૪૪૦૦૦ નકકી કરવામાં આવેલ છે. ત્યારે ઘણા બધા ખેડૂત ખાતેદારો દોઢ હેકટર અને બે હેકટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂત ખાતેદારોના અલગ અલગ ખાતા હોય તેવા ખેડૂતોના ખાતાને આવરી બે હેકટરની મર્યાદામાં સહાય ચુકવવામાં આવે, તથા તાજેતરમાં ખેડૂત ખાતેદાર અવસાન, પામેલ એવા ખાતેદાર ખેડૂતોના વારસાદારોએ વારસાઈ કરવાની બાકી હોય, તેવા તમામ ખેડૂત ખાતેદારોનો પણ સમાવેશ કરવામાં આવે જેથી ખેડૂત ખાતેદારનું અવસાન થયેલું હોવા છતાં ખેતીનો બોજો તથા આર્થિક મુશ્કેલીઓ વારસદારો પર જ આવે છે.

ઉપરોકત કેટેગરીના તમામ ખેડૂતો તથા અવસાન પામેલ ખાતેદારોના કાનૂની વારસદારોનો વર્ષ ૨૦૨૫ ના સહાય પેકેજમાં તાત્કાલિક સમાવેશ કરી તેમને યોગ્ય વળતર આપવામાં આવે. જેથી તેઓ આ કુદરતી આપતિમાંથી બહાર આવી શકે. આપ સહાયભૂતિપૂર્વક આ બાબતનો વિચાર કરી હકદાર ખેડૂતોને યોગ્ય ન્યાય આપશો. તેવી પૂરી આશા છે. વિનંતી સહ ભલામણ

### વ્યાસાસનેથી હિતેષકુમાર જોષી કરાવશે રસપાન

## લીલીયા મોટા ખાતે શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

**ભજન, ભોજન, ભકિતનો ત્રિવેણી સંગમ**




બાબરા, તા. ૧૫

અમરેલી જિલ્લાના મોટા લીલીયા ખાતે રણજીતભાઈ જેતુંભાઈ ધાધલ અને વનરાજભાઈ નનકુભાઈ ધાધલ પરિવાર દ્વારા તા ૧૩ થી ૧૯ નવેમ્બર સુધી પોતાના નિવાસસ્થાને ભવ્ય અને દિવ્ય પાવનકારી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે કથાના વ્યાસાસને બાબરા તાલુકાના કીડી ગામના શાસ્ત્રી હિતેશકુમાર જોષી બિરાજી સંગીતમય શૈલીમાં અને સુમુધુસ્વરમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે ભવ્ય અને દિવ્ય પોથીયાત્રા બાદ કથાનો મંગળપ્રારંભ થયો હતો કથા દરમિયાન વામન જન્મ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, નૃસિંહ ભગવાનનું પ્રાગટય, રામ જન્મ, ગોવર્ધન લીલા, રૂક્ષ્મણી વિવાહ અને સુદામા ચરિત્ર સહિત સહિત વિવિધ અવતારની ઉજવણી અને ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે તેમજ દરરોજ રાત્રીના રાસ ગરબા અને ભવ્ય સંતવાણી યોજાશે.

અહીં આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહમાં પૂજય યોગીજી અલોકનાથજી બાપુ શાખપુર તેમજ મહંતશ્રી ભૂષણપુરીબાપુ અમરેલી સહિતના સાધુ સંતો ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા. સાત દિવસ સુધી દરરોજ ભજન ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ સર્જાયો છે કથા તેમજ મહાપ્રસાદ અને સંતવાણીનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને ધાંધલ પરિવાર દ્વારા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

### સિંહ, દીપડા જેવા રાની પશુઓથી પરેશાની

## અમરેલીનાં વડેરા ગામે વન્ય પ્રાણીએ ૧૦ ઘેટાને મોતને ઘાટ ઉતારી દીધા

**માલધારી પરિવારને એક લાખનુ નુકસાન**



અમરેલી, તા. ૧૫

અમરેલી શહેર તથા આજુબાજુનાં વિસ્તારમાં વન્યપ્રાણીઓ જેવાં કે, સિંહ દીપડા જેવાં પશુઓ છાશવારે દેખા દેતાં હોય છે. ત્યારે ગઈકાલે મોડી રાત્રે અમરેલી તાલુકાના વડેરા ગામમાં એક વન્ય પ્રાણીએ પશુપાલકના વાડામાં ખાબકી અને ત્યાં રહેલાં ઘેટાં ઉપર હુમલો કરતાં ૧૦ ઘેટાંના મોત થયા હતાં. જેના કારણે આ માલધારી પરિવારને આશરે એક લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનું પશુપાલકે જણાવ્યું હતું.

આ બનાવમાં જાણવાં મળતી વિગત મુજબ અમરેલી તાલુકાનાં વડેરા ગામે રહેતાં અને પશુપાલકનો વ્યવસાય કરતાં ભાવેશભાઈ સુરાભાઈ નામનાં માલધારીના વાડામાં કોઈ સિંહ અથવા તો દીપડા જેવાં વન્ય પ્રાણીએ લગભગ રાત્રે ૧૦ વાગ્યાની આંતક મચાવી દઈ વાડામાં રહેલાં બે ઘેટાંનું મારણ કરવામાં આવ્યું હતું, જયારે અન્ય ૮ ઘેટાંઓ વન્ય પશુના ભય અને ગભરાટને કારણે જીવ ગુમાવી બેઠા હતા.

આ બનાવ અંગે વડેરા ગામનાં સરપંચ ભરતભાઈ હપાણીએ વનવિભાગને જાણ કરતાં ફોરેસ્ટ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. અને તપાસ હાથ ધરી હતી. વનવિભાગને દીપડો હોવાની આશંકા છે અને તેના સગડના આધારે લોકેશન મેળવવા માટે કાર્યવાહી ચાલી રહી છે. અમરેલી જિલ્લાના રેવન્યુ અને ગ્રામ્ય વિસ્તારોમાં સિંહો અને દીપડા દ્વારા પશુઓના મારણની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે, જેના કારણે સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોમાં ચિંતા વ્યાપી છે.

આ બનાવ અંગે પશુપાલક ભાવેશભાઈ ભરવાડના જણાવ્યા અનુસાર, ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે એક વન્યપ્રાણી આવ્યું હતું. જેણે બચ્ચા અને મોટા ઘેટાંને મારી નાખી અને આશરે એક લાખ રૂપિયાનું નુકસાન થયું છે. વનવિભાગ સહાય આપી મદદ કરે તેવી અમારી અપેક્ષા છે.

### રખડતા પશુઓની સમસ્યા વધી રહી છે

## જાફરાબાદ પોલીસની બોલેરો આડે ગાય ચડી જતાં રૂપિયા ૧૫ હજારનુ નુકસાન

**ગાયને બચાવવા જતાં બોલેરોને નુકસાન**

અમરેલી, તા. ૧૫

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં અના. હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતાં ગોવિંદભાઈ નારણભાઈ ડોડીયા ગત તા.૧૨ ના રોજ રાત્રે ૧૧ વાગ્યાનાં સમયે જાફરબાદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડમાં સરકારી બોલેરોમાં પી–૧૧૫ નં.જીજે–૧૪–જીએ–૨૫૧૦ લઈને નીકળેલ હતા અને તા.૧૩ ના રાત્રીના આશરે ૧/૧૫ વાગ્યના અરસામાં મિતીયાળા ગામ બાજુથી સરકારી બોલેરો લઈ અને જાફરાબાદ બાજુ આવતા હતા એ વખતે તિરૂપત્તી ફીશ મીલ પાસે પહોચતા રોડની ડાબી બાજુથી અચાનક એક ગાય દોડીને રોડ ઉપર આવેલ અને તેઓ ગાયને બચાવવા જતા આ સરકારી બોલેરોની આગળ એક બીજી બોલેરો પીકઅપ ગાડી નં. જીજે–૧૪–ઝેડ–૩૧૨૯ ની સાથે સરકારી બોલેરોની અચાનક અથડાઈ જતા સરકારી બોલેરોમાં આગળના ભાગે બોનેટ વળી ગયેલ તેમજ એશેસરીઝ તુટી જતા સરકારી બોલેરોમાં આશરે રૂપિયા ૧૫૦૦૦ નું નૂકશાન થયેલ હોવાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# અમરેલી ખાતે ભાજપ પરિવાર દ્વારા બિહારમાં થયેલ વિજયનાં વધામણા






ભાજપનાં નેતૃત્વવાળા એન.ડી.એ. ગઠબંધનનો બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય થતાં અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોક (રાજકમલ) ખાતે જીલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણીની આગેવાનીમાં હોદ્દેદારો–કાર્યકરોએ ફટાકડા ફોડીને ભાજપના વિજયને વધાવ્યો હતો. બિહાર વિધાનસભામાં એન.ડી.એ.ના ૨૦૨ બેઠકોમાં શાનદાર વિજય સાથે લોકોએ ફરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી તેમજ મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં વિસ વ્યકત કર્યો હતો. વિરોધપક્ષ ફરી નિષ્ફળ રહ્યો, કોંગ્રેસે નાલેશીજનક હારનો સામનો કરવો પડ્યો તો રાજકીય સલાહકારનાં પક્ષનો કરૂણ રકાસ થયો હતો. અત્રે જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, મહામંત્રી મેહુલ ધોરાજીયા, ખજાનચી દિપક વઘાસિયા, અમર ડેરીના ચેરમેન અનિ સાવલિયા, પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખ મનિષ સંઘાણી, શહેર ભાજપ પ્રમુખ વિજય ચોટલિયા, મહામંત્રી યોગેશ ગણાત્રા, રાકેશ સાવલિયા, રેખાબેન માવદિયા, સહકારી અગ્રણી અનિલ વેકરિયા, ભાજપ અગ્રણી કેતન ઢાંકેચા, વનરાજભાઈ કોઠીવાળ, દિવ્યેશ વેકરિયા, અલકાબેન ગોંડલિયા, પ્રવિણ ચાવડા, રમેશભાઈ શિંગાળા સહિત શહેર ભાજપના હોદ્દેદારો તેમજ અમરેલી નગરપાલિકાના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં તેમ જીલ્લા ભાજપની યાદીમાં જણાવ્યું છે.

## ઈફકો કિસાન SEZનાં વિકાસ અંગે વ્યાપક અને ઊંડાણપૂર્વકની ચર્ચા માટે

# ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી અને આંધ્રપ્રદેશનાં સીએમ ચંદ્રાબાબુ વચ્ચે બેઠક યોજાઈ

**દેશનાં કદાવર નેતા અને આંધ્રપ્રદેશનાં મુખ્યમંત્રીએ ઈફકો ચેરમેનનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ**

**મુખ્યમંત્રીએ ઈફકો કિસાન SEZ પ્રોજેકટને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યો**

**આંધ્રપ્રદેશની સરકારનાં સમર્થનથી પ્રોજેકટને નવી ગતિ મળશે**

**રાજયનાં ઉદ્યોગમંત્રી, સચિવ સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૧૫

ઈફકોનાં અધ્યક્ષ દિલીપ સંઘાણીએ આજે આંધ્રપ્રદેશનાં મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ સાથે મુલાકાત કરી અને ઈફકો કિસાન SEZના વિકાસ કાર્યોને આગળ ધપાવવા અંગે અત્યંત સારગર્ભિત અને સકારાત્મક ચર્ચા કરી. મુખ્યમંત્રીએ દિલીપ સંઘાણીનું સ્વાગત કરી સૌજન્ય વ્યકત કર્યુ. બેઠક દરમિયાન પ્રોજેકટની વર્તમન પ્રગતિ, ભવિષ્યની સંભાવનાઓ અને રાજય સરકાર તરફથી વધારાના સહકારને વધુ મજબૂત બનાવવાના મુદાઓ પર ચર્ચા કરી.

મુખ્યમંત્રીએ ઈફકો કિસાન SEZ પ્રોજેકટ રાજયના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું અને સંબંધિત અધિકારીઓને પ્રોજેકટ માટે જરૂરી તમામ સહકાર અને કાર્યવાહી તાત્કાલિક આપવાના નિર્દેશો આપ્યા. દિલીપ સંઘાણીએ મુખ્યમંત્રીના સકારાત્મક અભિગમ તથા તાત્કાલિક સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યકત કરતાં જણાવ્યું કે રાજય સરકારના આ સમર્થનથી પ્રોજેકટને નવી ગતિ મળશે તથા ક્ષેત્રના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને મજબૂત આધાર મળશે.

બેઠકમાં આંધ્રપ્રદેશનાં ઉદ્યોગમંત્રી ટી.જી. ભારત, ઉદ્યોગ વિભાગના સચિવ ડો. એન. યુવરાજા (IAS), ઈફકોના મેનેજિંગ ડિરેકટર કે.જે. પટેલ, સંયુકત મેનેજિંગ ડિરેકટર રાકેશ કપૂર, ઈફમો કિસાન SEZના મેનેજિંગ ડિરેકટર ટી. સુધાકર અને નેલ્લોરના કલેકશનર હિમાંશુ શુકલા (IAS) ઉપસ્થિત રહ્યા.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બિમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બિમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ — કેશલેશની સગવડ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૯૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા Mo. 93770 03636

મહાજન સીસીટીવી
સેલ્સ & સર્વિસ — ઉપલબ્ધ સુવિધાઓ — રેન્ટલ સર્વિસ
પ્રોજેક્ટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઇક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
શૈલેષ ગોંઢા 90 812 34 307
ગ્રાઉન્ડ ફ્લોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

LOAN AND EXCHANGE MELA
Pleasure+ ₹2500 Exchange Offer | XOOM ₹2500 Exchange Offer
Navnit Hero — ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. +91 92899 22254

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૬ ૫૨૧૦૪

MARUTI SUZUKI ARENA
BREZZA — WICKEDLY POWERFUL
મારુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ — નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૯૯૨

મિલકત તમારી, સુરક્ષા અમારી
રઘુવીર સિક્યુરીટી એજન્સી
જેન્ટસ સિક્યુરીટી ★ લેડીઝ સિક્યુરીટી ★ લેડીઝ-જેન્ટસ બાઉન્સર ★ તેમજ ગનમેન ★
ઓલ ગુજરાત સિક્યુરીટી પ્રોવાઇડ કરી આપીશું...
અમારી સુવિધાઓ:
ઈવેન્ટ, લગ્ન પ્રસંગ, ફંકશન, ધાર્મિક કાર્યક્રમો, ભાગવત સપ્તાહ, સ્કુલ, હોસ્પિટલ, શો-રૂમ, હોટેલ, રીસોર્ટ, વોટરપાર્ક, ફેકટરી, V.I.P. બંગ્લોઝ, ૨૪ કલાક સિક્યુરીટી પ્રોવાઇડ કરી આપશું.
મો. ૯૪૨૯૩ ૧૩૦૪૧
૩૩, સિધ્ધિ વિનાયક કોમ્પલેક્ષ, હોટલ લોર્ડ એન્જલની નીચે, જુના માર્કેટીંગ યાર્ડ, અમરેલી. ૯૧૦૯૦ ૧૫૦૯૧

YAMAHA Revs your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132 — GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
THANK YOU, GST!
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
₹3500 કેશ ડિસ્કાઉન્ટ
Scooter bole toh ACTIVA
Parikh Honda — Opp. Railway Station Road, Station Road, Amreli-365 601 (02792) 226201 / 226202


શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
ડૉ. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilonidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદિક સારવાર
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડૉ.રાણપરા હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

**પ્રકરણ .. ૨૫૯, - ૧૯૬૫**

## હમસફર મેરે હમસફર.. પંખ તુમ.. પરવાઝ.. હમ.. ઝીંદગી કા સાઝ, તેરે પાસ આ કે.. મેરા.. વક્ત ગુજર જાતા હૈ.. દો ઘડી મે ગમ. જાને મુજે દર્દે દિલ કા.. પતા ના થા.. મુજે આપ કિસ લિયે મિલ ગઈ.. આપ કો પ્યાર છુપાને કી બૂરી આદત હૈ.. આપ કો પ્યાર જતાને કી..

**પ્રિય વાચક મિત્રો,**

આજ અભિનેતા ધર્મેન્દ્રની ફિલ્મોની વાત કરીશું. હમણાં જ ધર્મેન્દ્રના નિધનના ખોટા સમાચાર મીડિયામાં આવી ગયા, અને તેમના પરિવારના સભ્યોએ તેનો વિરોધ કર્યો, અગાઉ પણ અમિતાભજી સહિત ઘણા કલાકારો બાબત મીડિયામાં આવી ખબર આવી હતી, તો હવે આપણે મીડિયા પર ભરોશો કરવો કે નહીં? તે સવાલ થાય છે. ૧૯૬૫માં અભિનેતા રૂપે ધર્મેન્દ્ર હજુ હિન્દી સિનેમામાં પગલાં ભરી રહ્યા હતા, તેમાં હિન્દી સિનેમાની દિગ્ગજ અભિનેત્રી મીના કુમારીનો સહયોગ તેમને મળ્યો, ૧૯૬૫માં પુર્ણિમા ફિલ્મ દ્વારા બન્ને એ સાથે કામ કરવાનું શરૂ કર્યુ, મીના કુમારી તેમના પતિ કમાલ અમરોહીથી ૧૯૬૪માં અલગ થઈ ગયા હતા. અને ધર્મેન્દ્ર તે સમયે હિન્દી સિનેમા માં એક હેન્ડસમ કલાકાર રૂપે જાણીતા હતા. મીના કુમારી અને ધર્મેન્દ્ર ની મુલાકાત એક પ્રણય સંબંધ કહો કે આત્મીયતા કહો, ત્યાં સુધી પહોચી હતી, ધર્મેન્દ્ર પણ પરિણત હતા, અને ચાર બાળકોના પિતા હતા, છત્તા, મીના કુમારી અને ધર્મેન્દ્ર નજીક આવ્યા હતા, તેવું કેહવાય છે. એમ પણ કેહવાય છે કે ૧૯૬૫ બાદ મીના કુમારી તેમની સાથે ધર્મેન્દ્રને ભૂમિકા આપવા નિર્માતા અને નિર્દેશકને મજબૂર કરતાં હતા, ત્યાં સુધી બન્ને વિષે કેહવાય છે કે, ૧૯૬૬ બાદ બન્ને સાથે પણ રેહતા હતા. ફિલ્મ ફૂલ એર પથ્થર બાદ ધર્મેન્દ્રને એક અલગ ઓળખ મળી, આ ફિલ્મ મીનાજીની ભલામણથી ધર્મેન્દ્રને મળી હતી તેમ કેહવાય છે, ૧૯૭૦ના દસક આવતા ધર્મેન્દ્ર એક સ્ટાર બની ગયા, અને મીના જી




શરાબની આદત ના લીધે સ્વાસ્થ્ય ગુમાવી રહ્યા હતા, અને બન્નેનો સંબંધ તે બાદ આગળ ના વધ્યો, અને ટૂંક સમયમાં મીનાજી આ ફાની દુનિયા છોડી ગયા હતા. અભિનેતા ધર્મેન્દ્રએ મીનાજીના દેહાંત બાદ તેમની અને મીનાજી વચ્ચે કોઈ પ્રણય સંબંધના હતો તેવો ખુલાશો કર્યો હતો, અને તે સમયે તેઓ હેમાજીની નજીક આવી ચૂકયા હતા. આ ખુલાશા પર લોકોને વિશ્વાસ આવ્યો ના હતો, ધર્મેન્દ્ર અને મીના કુમારીની બે ફિલ્મ ૧૯૬૫ માં આવી, જેમાં પૈકીની એક ફિલ્મ સુપર હિટ રહી, જેની વાત આગળ કરીશું.

પુર્ણિમા – નરેન્દ્ર સુરીના નિર્દેશન અને મહિપત રાય શાહના નિર્માણ માં, ભરત વ્યાસ, ગુલઝાર, અને ગૂલ્સન બાવરાના ગીતો, કલ્યાણજી આનંદજીના સંગીત સાથે આ ફિલ્મ માં, ધર્મેન્દ્ર, મીના કુમારી, અનીતા ગુહા, નાસિર હુસેન, દુર્ગા ખોટે અને મેહમુદે કામ કર્યુ હતું. ફિલ્મની કથા એક પૂર્ન વિવાહ પર આધારિત છે, જો સ્ત્રી અને પુરૂષના બીજા લગ્ન થાય અને પુરૂષને સંતાન હોય તો સ્ત્રી તે સંતાનને માતાનો પ્રેમ આપી શકે છે, પણ પુરૂષ સ્ત્રીના સંતાનને પિતાનો સ્નેહ આપી શકતો નથી, એવી જ રીતે કયારેક સ્ત્રી તેના પતિના પેહલાના સંતાનોને માતાનો પ્રેમ આપતી નથી, પણ પુરૂષ તેને તેના જ બાળકો સમજે છે, આ બન્ને વાત પુર્ણિમા ફિલ્મમાં બતાવી છે. આવી કહાની આ ફિલ્મ ની છે, ફિલ્મ મીના કુમારીના અભિનયથી સફળ રહી હતી, ધરમ અને મીના એકબીજાને પ્રેમ કરે છે, મીનાના પિતા એ બીજા લગ્ન કરેલ છે, પણ તેની પત્ની મીનાને તેનું સંતાન માનતી નથી, ધરમ નાસિરને ત્યાં એક મિલમાં નોકરી કરે છે, અને અનીતા ધરમને ચાહે છે, મીના અને અનીતા સારા મિત્ર છે, નાસિરનો આવારા પુત્ર વસંત મીનાને મેળવવા ધનનો સહારો લે છે, મીના તેના પિતાના સ્વાસ્થ્ય માટે રૂપિયાની જરૂર પડતાં વસંત સાથે લગ્ન કરે છે, અને ધરમને અનીતા સાથે લગ્ન કરવા રાજી કરે છે, મીના એક પુત્રને જન્મ આપે છે, તો અનીતા પણ એક પુત્રને જન્મ આપે છે. એક દિવસ વસંત ધરમ અને મીનાને સાથે જોઈ જાય છે, અને ધરમને મારવા માટે જાય છે, તે ઘટનામાં વસંત અને અનીતાના મૃત્યુ થઈ જાય છે. સસરા નાસિર એક પિતાની ભૂમિકામાં આવી મીના અને ધરમના લગ્ન કરે છે, ધરમના પુત્રને મીના તેનો પુત્ર સમજે છે, અને તેના પુત્રને નાસિર પાસે રેહવા દે છે, બન્ને બાળકો મિત્ર બને છે, તે ધરમને પસંદ નથી, તે મીનાના બાળકને સ્વીકારવા તૈયાર નથી, પણ અંતે બાળકોના

**ફિલ્મી સફર**

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

પ્રેમની જીત થાય છે અને બન્નેના બાળકો તેમની સાથે સંતાનરૂપે રહે છે. આ ફિલ્મથી મીના અને ધરમ નજીક આવ્યા હતા. ફિલ્મના ગીતો આજે પણ લોકપ્રિય છે, હમસફર મેરે હમસફર ગીત આજે પણ લોકપ્રિય ગીતની યાદીમાં છે. આ ફિલ્મ એવેરેજ સફળ રહી હતી.

નીલા આકાશ – રાજેન્દ્ર ભાટિયાના નિર્દેશન અને નિર્માણમાં, રાજા મહનેદી અલી ખાનના ગીત અને મદન મોહનના મધુર સંગીત સાથે, ધર્મેન્દ્ર, માલા સિંહા, રાજ મહરા, સુલોચના, મદન પૂરી, મનોરમાં, શશિકલા, જીવન કલા અને મેહમુદથી અભિનીત આ ફિલ્મ એવેરેજ રહી. ધરમ એક પાયલોટ છે, માલા એક ગરીબ પરિવારની યુવતી બી.એ પાસ છે (તે સમયે આ ગૌરવની વાત હતી). બન્ને વચ્ચે લડાઈ બાદ પ્રણય થાય છે, માલાના પિતા રાજ એક જુગારી છે, અને ઓફિસના રૂપિયા ઘોડાની રેસમાં હારી જાય છે, પરિવારના નિભાવ માટે માલા એર હાસ્ટેસ બની જાય છે, અને ધરમની નજીક આવે છે. ધરમ તેની સાથે લગ્ન કરવા માંગે છે, પણ માલા તેના પરિવારની જવાબદારી થી લગ્નની ના કહે છે, પણ ધરમ તે જવાબદારીમાં સહકાર આપવા તૈયાર થાય છે, પણ શશિકલા જે ધરમને ચાહે છે, અને માલાના પિતા જે માલાના લગ્ન થવા દેવા માંગતા નથી કારણ કે તો ઘરની જવાબદારી તેના પર આવે તે બન્નેના પ્રેમમાં વિઘ્ન લાવે છે, પણ ધરમના મિત્ર મેહમુદ તે વિઘ્ન દૂર કરે છે અને માલા અને ધરમ એક થાય છે. ફિલ્મના ગીતો આજે પણ લોકપ્રિય ગીતોની યાદી માં છે, આપ કો પ્યાર છુપાને કી બૂરી આદત હે.. અને તેરે




પાસ આ કે મેરા વક્ત ગુજર જાતા હે, આજે પણ લોકપ્રિય ગીતોની યાદી માં છે.

**આકાશ દીપ** – ફની મજમુદારના નિર્દેશન અને નિર્માણમાં, નાબેન્દુ ઘોષની કહાની, મજરૂહ સુલ્તાન પૂરીના ગીત અને ચિત્ર ગુપ્તના સંગીત સાથે, અશોક કુમાર, ધર્મેન્દ્ર, નંદા, નિમમી, શોભા ખોટે, તરૂણ બોજ, તિવારી, રશિદ ખાન, ચમન પૂરી, અચલા સચદેવ, શિવરાજ અને મેહમુદથી અભિનીત આ ફિલ્મ સફળના રહી. ફિલ્મની કહાની એવી છે કે ગરીબ વ્યક્તિ જયારે સંઘર્ષ કર્યા બાદ અમીર બને ત્યારે કયારેક, તેને ગરીબો પ્રત્યે નફરત થઈ જાય છે, અશોકના પિતાના નિધન બાદ અશોક પર પરિવારમાં માતા, નાનો ભાઈ મેહમુદ અને બહેન નંદાની જવાબદારી આવે છે, અશોક પોતાની જાત મેહનત અને આવડતથી યુવાન થતાં ખૂબ અમીર બની જાય છે, પણ તે ગરીબો પ્રત્યે નફરત કરતો થઈ જાય છે, ત્યાં સુધી કે તેનો ભાઈ મેહમુદ તેના પિતાની ચાની દુકાન ચલાવે છે, તે પણ તેને પસંદ નથી, એક મિલ માલિકની મૂંગી પુત્રી નિમમી સાથે તે લગ્ન કરી મિલનો માલિક બની જાય છે, તે મિલમાં ધરમ એક કર્મચારી છે, અને મજૂરો પર થતાં અન્યાય માટે લડત ચલાવે છે, સાથે અશોકની બહેન નંદા તેને ચાહે છે, આ વાત અશોકને પસંદ નથી, પણ જયારે તેની બહેન, ભાઈ અને તેની પત્ની તેને સાચો રાહ બતાવે છે, ત્યારે તે મિલમાં તમામ કર્મચારીને ભાગીદાર બનાવી દે છે, ગરીબ ભાઈને સ્વીકારે છે, અને નંદાના લગ્ન ધરમ સાથે કરાવે છે. ફિલ્મના ગીતોમાં રફી સાહેબના સ્વરમાં, મુજે દર્દે દિલ કા પતા ના થા, મુજે આપ કિસ લિયે મિલ ગઈ.. મે અકેલે યુ હી મજે મે થા મુજે આપ કિસ લિયે મિલ ગઈ, આજે પણ યાદગાર ગીત પૈકી એક છે. ફિલ્મ સફળના રહી.

**ચાંદ એર સુરજ** – દુલાલ ગુહાના નિર્દેશન અને, સ્ક્રીન પ્લે માં, ગંગા ચિત્રાના નિર્માણ માં, શૈલેન્દ્રના ગીત અને સલિલ ચૌધરીના મધુર સંગીત સાથે, અશોક કુમાર, ધર્મેન્દ્ર, તનુજા, નિરૂપા રોય, ધુમાલ, અસિત સેન, સજ્જન, જહોની વિસ્કી, તરૂણ બોજ, થી અભિનીત આ ફિલ્મ સફળના રહી. ફિલ્મની કથા બે ભાઈઓની છે, અશોક તેના નાના ભાઈ ધરમ, પત્ની નિરૂપા અને બાળકો સાથે જીવન પસાર કરે છે, ધરમના લગ્ન તે તેના મિત્રની પુત્રી તનુજા સાથે કરવા માંગે છે, ધરમ અને તનુજા પેહલા લડાઈ કરે છે, અને અંતે લગ્ન માટે રાજી થાય છે. અશોકનો એક મિત્ર તરૂણ એક વકીલ છે, અશોક આર્થિક ખેચમાં રહે છે, તો તે એક વીમા કંપની પાસેથી તેનો વીમો લે છે, એક દિવસ તે આર્થિક પરેશાનીમાં આત્મ હત્યા કરવા જાય છે, તેના પરિવારના સભ્યો પણ તેને મૃત સમજે છે, પણ તે બચી જાય છે, અને તેના વકીલ મિત્ર તરૂણના સહયોગથી વીમા કંપની સાથે દગો કરે છે, તરૂણ આ બાબતમાં નિરૂપાને વારંવાર મળે છે, તો ધરમને ભાભી પર શંકા થાય છે, તે સમયે ધરમને તેના ભાઈ અશોકની હત્યા માટે દોષિત જાહેર કરાય છે, પણ પરિવારને બચાવવા અશોક કોર્ટમાં હાજર થઈ તેનો ગુન્હો કબૂલ કરે છે, અને પરિવારના અસંતોષને દૂર કરે છે. અશોક સાથે ધરમની બે ફિલ્મો, અને મેહમુદ સાથે ત્રણ ફિલ્મો આવી, જેમાં અશોક સાથેની ફિલ્મમાં ધરમ સહાયક નાયક રહ્યા, અને મેહમુદ સાથેની ત્રણ ફિલ્મોમાં મેહમુદે નાયક સમકક્ષ ભૂમિકા આ નિભાવી હતી. ધરમની મીના કુમારી અને રાજ કુમાર સાથેની સુપર હિટ ફિલ્મની વાત આગળ કરીશું.

**આભાર..**

## * અસ્વસ્થ જીવનશૈલી ( Life Style Deases ) ભાગ – ૧ *

લાઈફ સ્ટાઈલ ડીસીઝ એ અસ્વસ્થ જીવનશૈલીનું પરીણામ છે, આમાં બે શબ્દો છે લાઈફ સ્ટાઈલ ડીસીઝ અને અસ્વસ્થ જીવન શૈલી.. સૌ પ્રથમ આપણે લાઈફ સ્ટાઈલ ડીસીઝ એટલે શું તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

**લાઈફ સ્ટાઈલ ડીસીઝ :** મિત્રો રોગ મુખ્યત્વે થવાના ત્રણ કારણો છે (૧) આનુવંશેક રોગો (વારસાગત રોગ) જે આપણને વારસામાં મળે છે જેમાં થેલેસેમીયા, સીકલ સેલ એનીમીયા, માનસીક વિકલાગતા, જેવા રોગો મુખ્ય છે જે રંગસૂત્રોની ખામીને કારણે આપણને વારસામાં મળે છે.

**સીઝનલ રોગો :** જેમાં ઋતુના ફેરફાર ને કારણે આપણે માંદા પાડીએ છીએ જેમાં ખાસ કરીને શરદી, ઉધરસ, તાવ, ફલૂ જેવા રોગો છે **(૩) લાઈફ સ્ટાઈલ ડીસીઝ :** જે આપણી અસ્વસ્થ દીનચર્યાના પરીણામે આપણે પોતે ઊભા કરેલા છે જેમાં ડાયાબીટીસ, ઓબેસીટી, કોલેસ્ટ્રોલ, ડીપ્રેસન (માનસીક રોગો), હાઈપરટેન્શનનો મુખ્ય સમાવેશ થાય છે.

આ ઉપરાત રોગોના આધુનીકમાં બીજા બે પ્રકાર છે જેમાં ચેપી અને બીન ચેપી રોગોનો સમાવેશ થાય છે, ચેપી રોગોમાં કોઈ ચેપ ગ્રસ્ત વ્યક્તીથી કોઈ વાહક મારફત આપણને રોગ થાય છે, જેમાં મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકન ગુનીયા, એઈડસ, તથા કોરોના જેવા રોગોઅને બીન ચેપી રોગોમાં બધાજ લાઈફ સ્ટાઈલ ડીસેઝ આવી જાય છે, આના માટે હાલમાં નોન કમ્યુનીકેબલ ડીસીઝ શબ્ધ પ્રચલીત છે.

લાઈફ સ્ટાઈલ ડીસીઝ એટલે એવા રોગો કે જે આપણને વારસામાં કે કોઈના ચેપ દ્વારા કે ઋતુના પરીવર્તન થી નથી મળ્યા પણ આપણી અસ્વસ્થ જીવનશૈલીને પરીણામે આપણે જ ઊભા કરેલા છે અને આજે મોટા ભાગના મૃત્યના કારણ લાઈફ સ્ટાઈલ ડીસીઝ છે અને એવું કોઈ ઘર નહી હોય જયાં આ રોગોની ઉપસ્થીતી નહી હોય.

જે રોગને આપણે જ ઊભા કરેલા હોય તે રોગની સારવાર અને અને સંપૂર્ણ પણે સ્વસ્થ થવાની માસ્ટર કી પણ આપની પાસે જ હોય, જરૂર છે આ રોગ થવાના કારણને સમજવાની અને આપણી દિનચર્યાને સ્વસ્થ કરવાની (જેના માટે આજે પ્રચલીત શબ્દ છે હેલ્થી લાઈફ સ્ટાઈલ)

આજકાલ જેમ જેમ કહેવાતો "વિકાસ" વધતો જાય છે તેમ તેમ અસ્વસ્થ જીવનશૈલી અને માનસીક – તાણને કારણે ઉદભવતા




રોગોનું પ્રમાણ પણ વધતું જાય છે. 'વિકાસ' વધવાની સાથે માણસની જીવન શૈલી બગડતી જાય છે. પહેલાના જમાનામાં માણસને એક યા બીજા કારણે ચાલવાની તથા રોજિંદા કામથી એટલી કસરત મળી જતી કે એની તંદુરસ્તી જળવાઈ રહેતી. કામ અને સમાજના સબંધોમાં માનસિક તાણનું પ્રમાણ પણ ઓછું રહેતુ. માણસ કુદરતના સાંનિધ્યમાં કુદરત સાથે તાલ મેળવીને જીવન જીવતો હતો જેમ જેમ ઔધોગીકરણ થતુ ગયુ તેમ તેમ માણસે કદરતનું સાંનિધ્ય ગુમાવવા માંડયુ. મશીનો અને ઉપકરણોથી ઘેરાઈને, શ્રમ કરવાનું બંધ કરી દીધુ, કુદરતી ખોરાકનો ત્યાગ કરી બિનકુદરતી આહાર વધુને વધુ ખાવા માંડયા, પૈસા વધતા ખોરાકમાં વધુ મોંઘા એવા તૈલી આહારનું પ્રમાણ પણ વધવા માંડયુ – ખોરાક અસંતુલીત થઈ ગયો, શહેરી જીવનની ભાગદોડ અને ધમાલ વધવા લાગ્યા – માનસિક શાંતી ઘટવા લાગી, માનસિક શાંતી મેળવવા વધુને વધુ ભોગ અને વ્યસનો તરફ માણસ ખેંચાતો ગયો. ધંધાની હરિફાઈમાં ટકવા અનેક ખોટા રસ્તાઓ અપનાવતો થઈ ગયો. ઝગડા, ઈર્ષ્યા, સ્વાર્થ અને તિરસ્કાર વધતા ગયા. આ બધાનું પરિણામ એ આવ્યુ કે માણસમા જાતજાતના રોગો પણ વધતા ગયા. માણસની જીવન શૈલી બિનઆરોગ્યપ્રદ થવાથી હૃદયરોગ, ડાયાબીટીસ, હાઈબ્લડપ્રેશર અને મનો રોગનું પ્રમાણ વધવા લાગ્યું.

આપણા દેશમાં હૃદયરોગ અને તેના સબંધી બીમારીઓ લોહીનું ઉંચુ દબાણ, ડાયાબીટીસ, ચરબીવાળું શરીર વગેરેનું પ્રમાણ દિન – પ્રતીદિન વધતુ જાય છે. આનુવંશીકતા અને ખરાબ જીવનપધ્ધતિના કારણે વિશ્વના કુલ હૃદયરોગીઓમાંથી લગભગ અડધા આપણા દેશમાં છે! જયાં સુધી ભારતની પ્રત્યેક વ્યક્તિ આ મહામારી વિશે જ્ઞાન મેળવી જાગ્રુત નહી બને ત્યા સુધી આપણે સામાજીક સ્તર પર આ બીમારીનો ભોગ બનતા રહીશું. મારા આયુર્વેદ ચીકીત્સક તરીકે ના ૨૭ વર્ષના અનુભવે મારા દર્દીઓ અને અન્ય લોકોના મનનો ખુબ ઝીણવટભર્યો અભ્યાસે એવું જણાયુ છે કે હૃદયરોગ – ડાયાબીટીઝ – ઓબેસીટી – મનોરોગ બાબતે લોકોમાં પ્રવર્તતી ગેરસમજણ, અજ્ઞાન અને અધકચરૂ જ્ઞાન આ બધા લાઈફ સ્ટાઈલ ડીસીઝને વધુ ગંભીર બનાવે છે. આજ થી લગભગ ૧૬ વર્ષ પહેલા હું ગાયત્રી મંદીરે આયુર્વેદ હોસ્પીટલમાં હતો ત્યારે મારા એક સ્વજન વડીલ મારી પાસે આવ્યા, મને કે આજકાલ મને ગેસની બહુ તકલીફ થઈ ગઈ છે કંઈક પાચન – ગેસની એવી દવા આપ કે આ ગેસ ઓછો થઈ જાય. મે તેમની નાડ (પલ્સ) તપાસી, બી.પી. ચેક કર્યુ મને તેની નાડ અનીયમીત જણાઈ અને બી.પી. ૨૦૦ / ૧૧૦ આવ્યુ. મે પુછયુ કાકા તમને તકલીફ શું થાય છે મને કે ગેસ બહુ થાય છે, હુ ચાલુ એટલે છાતીમાં ભાર – ભાર લાગેને પછી ગેસ છુટી જાય એટલે સારૂ લાગે. આ ગેસ મને રાત્રેય સુવા નથી દેતો રાત્રેય ગેસ થાય એટલે ગભરામણ થવા માંડે. મે એમને કહ્યુ કાકા તમારૂ બીપી વધારે આવે છે, નાડ પણ અનીયમીત ચાલે છે, મને એવું લાગે છે કે તમારા હૃદયને લોહી બરાબર પહોચતુ નથી, તમારે થોડી તપાસ કરાવીને કાર્ડીયોલોજીસ્ટને બતાવવાની જરૂર છે. મને કેમે બધાય રીપોટસ કરાવી લીધા છે. આ રહી મારી ફાઈલ, એમ કહી તેની થેલીમાંથી એક મોટી ફાઈલ કાઢી. મે તેના બધા રીપોટર્સ શાંતીથી જોયા તેમના રીપોટર્સમાં કોલેસ્ટેરોલ વધારે આવતુ હતુ, સુગર પણ બોર્ડર પર હતુ અને એન્જીયોગ્રાફીમાં બે નળીમાં નેવું ટકા અને એક નળીમાં સીતેર ટકા બ્લોકે જ હતુ. કાર્ડીઓલોજીસ્ટે તેમને બાયપાસ સર્જરી કરવવાની સલાહ આપેલ હતી. મે પુછયુ કાકા તમને ડોકટરે તમારી તકલીફ વિશે સમજાવ્યુ છે, મને કે હા, ડોકટર કહે છે મારા હૃદયને લોહી પહોચાડતી નળીઓમાં બ્લોકે જ છે એટલે મારે તાત્કાલીક બાય પાસ સર્જરી ની જરૂર છે. પણ મારે બાયપાસ કરાવવુ નથી, હું બ્લોકે જ માટે સફરજનનો સિરકાની બનાવેલ દવા લવ છુ ( આ દવા તેને ડીગ્રી વગરના આયુર્વેદ પ્રેકટીસ કરતા દસ ધોરણ પાસ ડોકટરે લખી આપી હતી) એટલે મારે બાય પાસની જરૂર નહી પડે, આ ગેસની તુ દવા આપી દે એટલે હુ સો ટકા તંદુરસ્ત જ છુ, મે તેમને સમજાવ્યા કે તમારો એન્જીયોગ્રાફીનો રીપોર્ટ્સ અને તમને જે રીતના લક્ષણો છે તે જોતા મને એવુ લાગે છે કે તમારે બાય પાસ સર્જરી કરાવવી જોઈએ. મને કે આ બ્લોકેજની દેશી દવા થી મને ખુબ સારૂ રહે છે આ દવાથી એ ડોકટરે કેટલાય લોકોને સારા કર્યા છે અને કોઈને યબાયપાસની જરૂર નથી રહેતી. આ કાકા ત્યાર પછીના ત્રણ મહીના બાદ હૃદયનો ગંભીર પ્રકારનો હુમલો આવ્યો અને અવસાન પામ્યા. આ કેસની ચર્ચા એટલે કરી કે મોટા ભાગ ના હૃદય રોગમાં દર્દીની રોગ વિશેની અધકચરી સમજણ રોગને વધારી દે છે તમે હૃદયરોગ માટે કોઈ સારવાર માટે જાવ ત્યારે એ વાત નિશ્ચિત કરજો કે એ ડોકટર ડીગ્રી વાળા છે. કારણ આયુર્વેદની ડીગ્રી વગરના દેશી દવાના નામે લોકોના આરોગ્યને જોખમમાં મુકનારા આપણા સમાજમાં બહુ લેભાગુ તત્વો છે. અને આપણે ભણેલ – ગણેલ હોવા છતાં આવા લોકોના હાથમાં આપણુ જીવન સોપી દેતા હોઈએ છીએ.

અમારી પાસે ખુબ એવા લોકો આયુર્વેદ દવા લેવા આવતા હોય છે કે આયુર્વેદ દવા લેશુ એટલે બીપી(હાઈપર ટેંશન) – ડાયાબીટીઝ, ઝડમુળથી મટી જાશે, ફરી પાછી એ દવાની જરૂર નહી પડે આવુ જ હૃદયને ઓછુ લોહી પહોચતા (IHD) કે હૃદયના અન્ય રોગો માટેની પણ માન્યતા છે. આ બધા લાઈફસ્ટાઈલ ડીસીઝ છે, આયુર્વેદમાં પણ આ બધા રોગો યાપ્ય રોગોની શ્રેણીમાં વર્ણવેલા છે (યાપ્ય રોગ એટલે જયા સુધી તમે પરેજી પાળો અને નિયમીત દવા લો ત્યા સુધી જ તે તમારા કંટ્રોલમાં રહે) માટે આ રોગને કંટ્રોલમાં કરવા હોય તો આપણી લાઈફસ્ટાઈલમાં બદલાવ કરવો પડે અને જે દવા તમારા ડોકટર / વૈધ સુચવેએ નિયમીત લેવી જ પડે. લાઈફ સ્ટાઈલ ડીસીઝ થવા માટે જેટલા શારીરીક કારણો જેટલા જવાબદાર છે તેટલા જ મનના ભાવો પણ જવાબદાર છે માટે આપણે દર સપ્તાહે મનના એક ભાવની પણ ચર્ચા કરીશુ.

**મર્મબિંદુ:** આજકાલ લાઈફ સ્ટાઈલ ડીસીઝ થવાનું એક મુખ્ય કારણ સામે આવ્યુ છે તે છે ભય(ડર), કોરોના કાળમાં જેટલા મૃત્યુ થયા તેમાં નિષ્ણાંતોનું માનવુ છે કે જે લોકોને કોરોનાનો ડર મનમાં પેશી ગયો તેવા લોકોનું બહુ ઝડપથી ઓકસીજન લેવલ નીચુ ગયુ અને હૃદયરોગનો શીકાર બન્યા અને મૃત્યુને ભેટીયા, જો થોડું પણ ધ્યાનથી અધ્યયન કરીશુ તો જણાશે કે ૯૯ ટકા ભય તો માત્ર કાલ્પનીક છે. 'વિચાર એક પ્રકારનો ભય પેદા કરે છે. પણ વિચાર સિવાય ભય છે ખરો? આપણે મૃત્યુ થી ડરીએ છીએ પણ મૃત્યુ તો ભવિષ્યના કોઈ સમયગાળામાં બનનારી ઘટના છે. જે ખરેખર છે અને બનવાનું છે તેની વચ્ચે અંતર છે.' આટલું સમજી શકાય તો પણ ભયથી મુક્ત થવાનો એક માર્ગ મળી રહે. આ માર્ગ આપણી અંદર જ છે. થ્રી ઈડીયટ પીકચરમાં આ વાત બહુ સારી રીતે સમજાવી છે કે આપણું હૃદય બહુ ડરપોક છે એને વારંવાર ફોસલાવવાની જરૂર છે કે બધુ સારૂ થઈ જશે (ઓલ ઈઝ વેલ). **(ક્રમશ)**

## *મ્હારી છોરિયાં છોરો સે કમ હૈ કે:?*

"ભારતીય ક્રિકેટ માટે આ ક્ષણ અદભૂત છે! આપણી અદભૂત મહિલા ક્રિકેટ ટીમના ઐતિહાસિક વિજય બદલ હૃદયપૂર્વક આનંદ અનુભવાય. તેઓએ માત્ર રમતમાં જીત નથી મેળવી, પરંતુ સમગ્ર રાષ્ટ્રના હૃદય પર કબજો જમાવ્યો છે. તેમની નિર્ધારિતતા, ટીમવર્ક અને અડગ ભાવનાએ શ્રેષ્ઠતાને નવી રીતે વ્યાખ્યાયિત કરી છે, અને નવી પેઢીને નિર્ભયતાથી સપના જોવા પ્રેરણા આપી છે. આ વિજય માત્ર જીત નથી – તે દરેક ભારતીય માટે શક્તિ, સ્થિતિસ્થાપકતા અને ગૌરવની ઘોષણા છે. તમે ઈતિહાસ રચ્યો છે, અને આખું રાષ્ટ્ર તમારી સિદ્ધિની ઉજવણીમાં એકજૂથ છે. આપણને સૌને આ મહિલા ક્રિકેટરો પર ગર્વ છે – આપણા ચેમ્પિયન્સ, આપણું ગૌરવ, આપણી પ્રેરણા.' ૨ – નવેમ્બર, રવિવારે મુંબઈના ડિવાઈન પાટિલ સ્ટેડિયમ વુમન્સ વનડે વર્લ્ડ કપની ફાઈનલ મેચ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાઈ હતી. જેમાં આફ્રિકાએ તો જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પરિણામે ઈન્ડિયા ૫૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૨૯૮ રન બનાવ્યા હતા. જેને જવાબમાં આફ્રિકાની ટીમ ૨૪૬ રનમાં ઓલ આઉટ થયું હતું આંબાવન વર્ષ પછી ભારતીય મહિલા ક્રિકેટ ટીમ પહેલીવાર ચેમ્પિયન બની છે. તો સાર્યા બાદ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ખુબ શાનદાર હતી. શરૂઆત જેટલી શાનદાર હતી. અંત પણ એટલો જ લાજવાબ અને રોમાંચક હતો. 'સમગ્ર ભારત જે પળની રાહ જોઈ રહ્યું હતું.. ' આખા ભારતનું સ્વપ્ન પૂરૂં થયું ! જેના પરિણામ સ્વરૂપ આજે આપણી મહિલા ક્રિકેટ ટીમના હાથમાં જીતના તાજ સમો વર્લ્ડ કપ ૨૦૨૫ છે. સ્ત્રીઓની ભારતીય ક્રિકેટ ટીમ ક્રિકેટ વર્લ્ડ કપ જીતે તે કોઈ સામાન્ય ઘટના ના નથી. એક પુરૂષ માટે પોતાના સપના પુરા કરવા માટે દોડવું જેટલું સેહલું, તેટલું જ સ્ત્રીઓ માટે અઘઢ઼ં છે. પણ સ્ત્રી જયારે નક્કી કરી લે છે. ત્યારે કોઈ સમાજ કે અવરોધ તેણે ખુલ્લા આકાશમા ઉડવાથી રોકી નથી શકતા.. તેં સ્ત્રીઓ જયારે પોતાના સપના પૂરા કરી શકે છે, ત્યારે એ માત્ર સ્ત્રીઓની જીત નથી, પણ એના સપનાઓની દોડમાં સાથે દોડનાર દરેક પરિવારની જીત છે. તું શક્તિ છે, તું પ્રેરણા છે. તને પ્રણામ આખા દેશ માટે ગૌરવની ઘડી. અનેક દીકરીઓ માટે આ પળો પછી એક નવી ઊંચાઈએ પહોચવાનો રસ્તો ખુલશે। આ કપ ભારત નહીં એશિયાનો પહેલો કપ છે, એ પહેલો ઓસ્ટ્રેલિયા ૭ વખત, ઈંગ્લેન્ડ ૩ વખત અને ન્યુઝીલેન્ડ ૧ વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યું છે, કપ જીતવા જેટલી ખુશી છે દેશની જનતા ધીરે ધીરે વુમન ક્રિકેટ જોવામાં રસ ધરાવવા લાગી છે, ભારતની દીકરીઓએ ૨ નવેમ્બર, ૨૦૨૫ના દિવસને ઈતિહાસના પાનામાં અમર કરી દીધો. ભારતીય મહિલા

**વિસામો**

વૃંદા ચિંતન મહેતા

રાજુલા



ક્રિકેટ ટીમે ૧૯૮૩ માં કપિલ દેવની ટીમે જે સિદ્ધિ મેળવી હતી તે હાંસલ કરી છે. કદાચ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કોઈ એ કલ્પના પણ નહીં કરી હોય કે ટીમ ઈન્ડિયા મહિલા વર્લ્ડ કપની ચેમ્પિયન બનશે. પરંતુ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની દીકરીઓએ બધાને બતાવી દીધું છે કે આપણી બેટીઓ કોઈનાથી કમ નથી. ભારતે જે રીતે ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને વિશ્વ ચેમ્પિયન બનવાનું સન્માન મેળવ્યું તેનાથી દરેક ભારતીયના મનમાં ખુશીના આંસુ આવી ગયા. આ જીત પછી બધા ભારતીય ક્રિકેટ ચાહકોના હૃદય ગર્વથી ભરાઈ ગયા. ભારતીય ટીમે આ જીત સાથે ત્રિરંગો લહેરાવ્યો, અને આ જીતથી આખો દેશ પ્રભાવિત થયો. મુંબઈનું Dy patil Stadium પૂરે પૂરૂ વાદળી ટીશર્ટથી housefull હતું, ૨૨ કરોડ લોકો JIO પર ઓનલાઈન મેચ જોતા હતા અને છેલ્લે ૩૦ કરોડ આજુ બાજુ live હતાં, અને ટીવી પર અલગ જોવા વાળા હશે, વુમન ક્રિકેટરને જે રીતે દેશ ભરમાંથી પ્રોટોકોલ મળ્યો છે ખરેખર એ લોકો ખુશ હશે. અને હા મહિલા ક્રિકેટરો અને ટીમ માટે જય શાહએ પણ કેટલાક સારા કામ કર્યા છે, જેમાં નું એક કામ છે અત્યારે વુમન ક્રિકેટરને પગાર. જેટલો પગાર અને મેચ ફી વિરાટ કોહલીને મળે છે એટલીજ smriti mandhana ને મળે છે, પહેલાં મહિલા ટીમનો પગાર સાવ સામાન્ય હતો. અને નિવૃત્ત ક્રિકેટરને pension પણ ચાલું કર્યુ. ૨૦૧૦/૧૧ માં તો બહાર મેચ રમવા આ ક્રિકેટરો જતી ત્યારે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જેવી ટીમની ખેલાડીઓ 5 star hotel માં રહેતી અને આપણી ખેલાડી સામાન્ય હોટલમાં. પણ પછી ધીરે ધીરે પરિસ્થિતિ બદલાઈ છે. Ipl થી બોર્ડ પાસે પૈસા આવ્યા એટલે સુવિધાઓ મળતી રહી. આ જીત પછી man cricketer ને તો જાહેરાતો મળતી એમાં કરોડો રૂપિયા કમાણી થતી woman ને નહોતી મળતી એ મળવાની ચાલું થશે. ક્રિકેટ આપણા દેશમાં સૌથી વધુ રમાતી અને સૌથી લોકપ્રિય રમત છે. ૧૭૦૦ મી સદીમાં બ્રિટિશરો ભારતમાં ક્રિકેટ લઈને આવ્યા. ભારતમાં સૌથી પ્રથમ ક્રિકેટ કલબ પારસી સમાજ દ્વારા ૧૮૪૮ માં સ્થાપવામાં આવ્યું, જેણે યુરોપ સામે તેની પ્રથમ મેચ ૧૮૭૭ માં રમી. ભારતની પેહલી અધિકૃત ટીમ બની ૧૯૧૧ માં જે ઈંગ્લેન્ડના દેરા પર ગઈ હતી. ભારતીય ક્રકેટ ટીમે ટેસ્ટ મેચમાં સૌપ્રથમ વાર ૧૯૩૨ માં ભાગ લીધો અને એજ અરસામાં સૌથી પેહલી વુમન ટેસ્ટ મેચ રમાઈ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે. આ હતી મહિલા ક્રિકેટ તરફ વિશ્વની પ્રથમ શરૂઆત. જોકે ભારતમાં વુમન ક્રિકેટની શરૂઆત ઘણી મોડી રહી હતી. ૧૯૭૩ થી વર્લ્ડ કપ રમાઈ રહ્યો છે. જેમાં પ્રથમવાર ઈંગ્લેન્ડ ચેમ્પિયન બન્યું હતું. ત્યારબાદ ૩ : ૦૦ ઓસ્ટ્રેલિયા વર્લ્ડ કપ જીત્યો હતો. અત્યાર સુધીમાં ભારત ત્રણ વાર ફાઈનલ મેચ રમી હતી જેમાં ૨૦૦૫માં ઓસ્ટ્રેલિયા સામે ફાઈનલ મેચમાં ભારતનો ૯૮ પરાજય થયો હતો. જયારે ૨૦૧૭ની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડ સામે ૯ રન થી હારી ગઈ હતી. ત્યારે ૨૦૨૫ માં ફાઈનલમેચમાં સાઉથ આફ્રિકાને હરાવીને પ્રથમવાર ટીમ ઈન્ડિયા ચેમ્પિયન બની છે. આમ ભારતીય મહિલા ટીમને ચેમ્પિયન બનવામાં વર્ષ લાગ્યા હતા.

# ॥ રામસીય સુંદર પ્રતિછાહીં, જગમગાત મણિ ખંભન માહીં ॥

**(૪૬) કો કૃપાલ અસ અહે ભવાની**

જયપુરથી બાપુજી પુષ્કર આવ્યા. ગુરૂપૂર્ણિમા જયપુર કરવા બાબત ત્યાં અમુક લોકોને થોડો અણગમો હતો કારણ એક તો શહેરથી દૂર અને વ્યવસ્થા કરનાર અમે નાના માણસો, બધાને જોઈતી સગવડ મળે નહીં. સંત અને ભગવંત તો પ્રેમભાવ, ભકિત જુએ છે. બહારની વ્યવસ્થા ઓછી હોય તો તેમને તેની પરવા હોતી નથી. પરંતુ સાથેના મહાનુભને પુરતી સગવડતા જેઈતી હેય છે. ત્યાંની વાતો સાંભળી જયપુર ગુરૂપૂર્ણિમા થશે કે નહીં તે બાબત શંકા થઈ અને તે વિશે ભગવાનને જણાવતાં લખીને આપ્યું,

અગર જયાદા હુઆ તો દેખો ક્યા ? ગાડી તો હૈ હી.

મહેશ, જયંતિ તીન ભાઈ મેટર મે હીં તીનો જાઈ.

મેં ઔર તુમ સાથમેં રમા, નોકર સુરેશ કરે ક્ષમા.

હમ સબ દરશન કરકે સીધે ચલે જાયેંગે.

મેં કેવલ પ્રથમ ગેઈટ પર પ્રણામ કરૂંગા.

આનો અર્થ એ હતો કે પુષ્કર ગુરૂપૂર્ણિમા કરશે તો પછી પણ જયપુર પધારશે. ત્રણે ભાઈઓ મને તથા બાપુજીને મોટરમાં સાથે ગલતાજી લઈ જશે. નોકર તથા સુરેશને બસ દ્વારા કે બીજી કોઈ રીતે જયપુર અથવા બીજે કયાંક મોકલી દેશે અને પોતે ત્યાંથી દર્શન કરી સીધા આગળ જતાં રહેશે.

ભગવાનની ઈચ્છાથી ગુરૂપૂર્ણિમા જયપુરમાં જ ઉજવાણી. યથાશકિત બધી વ્યવસ્થા કરેલી. ઘણાં મહેમાન આવેલા. મુંબઈના ત્રણ શ્રીમંતો હતા. મોટાભાગનો ખર્ચ તેમણે ઉપાડી લીધેલ. બાપુજી એ આ પ્રસંગમાં પોતાનો પણ કંઈ ભાગ રાખવા ઈચ્છા દર્શાવતા ભગવાને કહ્યું, ''લાવ સવા રૂપિયા દે દો.'' કારણ બાપુજી નોકરી કરતાં નહીં અને ભાઈઓ નાના હતા.

ભગવાને શ્રી પતિતપાવનજી ભગવાનનું વિધિસર પૂજન કરાવ્યું.

રામ સીય શિર સિંદુર દેહીં, શોભા કહિ ન જાત વિધિ કેહીં।

ગોપલજીના મંદિરમાં પૂજન વિધિ બાદ ઉપર શ્રી પતિતપાવનજીની ગુફામાં પધાર્યા. સો દર્શન માટે સાથે ગયેલા. હું બધાથી છેલ્લે ઊભી હતી. ભગવાન પ્રણામ કરી પાછા ફર્યા. મને હાથમાં હાર લઈ ઉભેલી જોઈ પાસે આવી કહ્યું, ''લાવ મુઝે માલા દે દો.'' તે હાર લઈ શ્રી પતિતપાવનજી ભગવાનને પહેરાવવા માટે પાછા ગયા. ત્યારબાદ બહાર પરસાળમાં ભગવાન બિરાજયા. આસન પાથરવા જતાં ના પાડી કહ્યું, ''ભગવાન કે સામને નહીં'' તેમજ ભાવિકજનો પ્રણામ કરતા તે પણ ના કહેતા, ''

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)**

**સંપાદક : મહેન્દ્ર સી.જોષી**
મો.૯૪૨૬૪ ૫૯૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



ભગવાનકે પ્રણામ કરે યહાં મુઝે નહીં.'' આ રીતે સાક્ષાત્ ભગવાને પણ સદ્ગુરૂદેવની કેટલી માન મર્યાદા રાખવી જેઈએ તે ચરિતાર્થ કરી બતાવ્યું. ઘણીવાર સમૂહમાં પ્રવચન આપતા હોય ત્યારે કોઈ વચ્ચેથી પ્રણામ કરવા જતાં તે કહેતાં, ''વહાં દૂરસે હી પ્રણામ કર લો. દેખો, માનસજીમેંસે ધાર્મિક, સામાજિક, કૌટુંબીક ઔર વ્યવહારિક સભી બાતેં સીખને કો મિલતી હૈ. ગુરૂહી પ્રણામ મન હી મન કિન્હા. એક બાર મૈં ગાડીમેં ફસ્ટ ક્લાસમેં બૈઠા થા. એક દંપતિ ગાડી ચલનેકે સમય પર પહુંચે. ભાઈ ચઢ ગયે ઔર ઉનકી પત્નિ રહ ગઈ. પરિણામ મેં જંજીર ખીંચકર ગાડી રૂકવાઈ ઔર ઉનકી પત્નિ આ ગઈ થોડી દેર બાદ ઉનકે સ્વસ્થ હોને પર મૈંને કહા, આપને કભી માનસજીકા પાઠ કિયા હૈ ? યદિ એકબાર ભી ધ્યાનસે માનસજીકા પાઠ કિયા હોતા તો આજ યહ ઘટના નહીં બનતી. ઉન્હોંને કહા, ''ક્યોં બાબાજી માનસજીમેં ઐસી કયા બાત હે?'' મેંને કહા માનસજીમેં પ્રિયા ચઢાઈ ચઢે રઘુરાઈ હે ના ? યદિ પહલે આપની પત્નિકે ચઢાકર બાદમેં આપ ચઢતે તે યહ ઘટના ન ઘટતી.'' આ રીતે માનસજીના આધારે પ્રસંગોપાત્ સમજાવતા રહેતા.

ભગવાને તે વખતે ત્યાંની અખંડ ધૂણી વિષે પણ કહ્યું, ''યહ તો ભવરોગકી ઔષધિ હૈ ઔર કભી કિસીકો કોઈ બિમારીમેં જરૂર પડે તે શ્રદ્ધાસે લેને પર લાભ હોંગા.'' ઘણું ભાવિકજનોને શ્રદ્ધાપૂર્વક આ ભસ્મનું સેવન કરતાં લાભ પણ થયો છે. બાકી તો,

ગુરૂ કે વચન પ્રતીતિ ન જેહી, સપનેહું સુગમ ન સુખ સિધિ તેહી

ગુરૂપૂર્ણિમાનું મહાત્મય સમજાવતા કહ્યું, ''દેખો 'ગુ' યાને અંધકાર 'રૂ' યાને પ્રકાશ. અંધકારમેં સે પ્રકાશક ઔર લે જાતે હૈ વોહી 'ગુરૂ'

રામ વિદા માંગત કર જોરી, કીન્હ પ્રણામ બહોરી બહોરી।

અપને નિત્ય બોલતે હૈ ના ? ગુરૂબ્રહ્મા, ગુરૂર્વિષ્ણુ, ગુરૂદેવો મહેર તો યહ કિસ તરહસે ? બ્રહ્મા ઉત્પત્તિ કરતે હૈ, વિષ્ણુ પાલન કર્તા ઔર શિવજી સંહાર કે દેવ હૈ, યે તીને ઉપાધિ ગુરૂ કો દી ગઈ હૈ. તો ગુરૂ નિજ જનકે હૃદયમેં વિદ્યારૂપી ગુણ પ્રગટ કરતે હૈ ફિર ઉસકા પોષણ ભી કરતે હૈ ઔર અવગુણોકા નાશ કરતે હૈ. યા વિદ્યા પ્રગટ કર અવિદ્યાકા નાશ કરતે હૈ.''

આ દિવસે ભંડાર પણ મોટાં પ્રમાણમાં કરાવેલે. સાધુઓને તથા ગરીબોને વસ્ત્રો પણ વહેંચેલા. ભગવાન પ્રસંગોપાત્ બોલ્યા, ''ભઈ યહ સબ સફેદ કપડેવાલોકી મહેરબાની હૈ નહીં તો આજ તક કિતની બાર યહાં આકર મેં ચલા જાતા થા કિસીકે માલુમ ભી નહીં પડતા થા.''જયપુરથી નીકળતી વખતે પાર્વતીબહેનને સાથે લઈ જવાના હતા. પરંતુ કોઈને જાણ ન થાય માટે ગલતાજીથી ઘેર આવેલા અને મને કહેલું, ''તુમ પાર્વતી કે આગ્રા કી બસમેં બિઠાકર આવ.'' મેં કહ્યું, '' ભગવાન મેં વાપિસ આઉં તબ તક આપ ચલે નહીં જાના.'' ખરેખર હું પાછી આવી ત્યારે ઘરની નીચે આવી ગાડી પાસે ઊભા રહી મારી રાહ જોતા હતા. મેં પ્રણામ કર્યા અને તરત જ '' રમા, અબ મેં જાઉં ?'' કહી રવાના થયા. હજી તો પાર્વતીબેનની બસ મુખ્ય બસ સ્ટેન્ડથી રવાના થઈ આગ્રા રેડ પરના સ્ટેન્ડ પર પહોંચી હશે. ત્યાં ભગવાનની ગાડી પહોંચી ગઈ અને તેમને પોતાની સાથે લઈ લીધા. આ રીતે ભગવાન કહે તે કરવાથી ખૂબ જ પ્રસન્ન રહેતા અને બધી વિગત જણાવતા. મારા જીવનનું લક્ષ એક જ છે કે ભગવંત, અને સંતની પ્રસન્નતા મળે. તેથી ઘણીવાર હું પત્રમાં ભગવાનને લખતી, ''મેં રાજી હું માલિક જીસમેં તેરી રજા હૈ.'' આજે પણ પ્રભુને મારી એ જ પ્રાર્થના છે.

રામ કરૌ કેહિ ભાંતિ પ્રશંસા, મુનિ મહેરા મનમાનસ હંસા।

(૪૭) નાથ કૃપા તવ જાપર હોઈ

ભગવાન મથુરા જવા રવાના થયા. ગુરૂપૂર્ણિમાને પ્રસંગ પૂરો થતાં બાપુજીને અચાનક મારા બનેવી બિમાર હોવાથી મુંબઈ જવું પડયું. ત્યારબાદ કાનપુરથી પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમ : પ્રિય રમા સાદર આસીસ,

તુમારે ઈહાં સે નિકલકર રસ્તેમેં એક્સિડેન્ટ ખાતે હુએ સકુશલ કાનપુર પહુંચે. આજ રાંચી કો રવાના હો રહે હૈ. કલ શામ તક પહુંચ જાવેગે. ??

સ્વાસ્થ ઠીક હૈ ચિન્તા કરના નહીં ઔર. દેખો ભજન બરાબર કરના હો. સબકો આસીસ.ત્યાર બાદ રાંચી પહોંચી ત્યાંથી પત્ર આવ્યો, શ્રી રામચંદ્રાય નમઃ રાંચિ તા. ૧૦-૮-૬૪ સમય ૧ પ્રિય રમા સાદર આસીસ, મેરા સ્વાસ્થ અચ્છા હૈ. તુમારે પાસસે નિકલકર હમ દોસા મેં રાત્રી રહે ઔર પાર્વતી મોટર સ્ટેન્ડ પર હી મિલ થઈ થી. ઔર રાસ્તે મેં ખૂબ પરેશાની તથા એકસીડેન્ટ આદિકા સામના કરતે હમ મથુરા પહુંચે વહાં દો રોજ રહે ઔર બાદ ઈહાં આ ગયે ઈજા ૧૨ દિન ઠહરકર બાંસરા જાયેગે ઔર વહાં સે કહાં જાવેગે પતા ન.

તુમ ભજન ખુબ કરના મનકો સાવધાન રખના વિષયોંકો સત્યતા સે પરે સમજના. ઔર ઈર્ષા ડાયનસે દૂર રહેના તાકિ માનસિક વ્યથા ન હે ઔર મન પ્રફુલ્લિત રહે.

# ''હોય તિમિર ત્યાં ટમટમતું એક ફાનસ થઈએ, માણસનો અવતાર મળ્યો છે, એક માણસ થઈએ !''

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

આત્મહત્યાનાં માર્ગેથી પાછા વાળવા વિજય પાસે જઈ પહેંચ્યો. ડો. પંડીત તેમની પાસે જોઈ, શાંતિ થઈ. એક સારી વાત કહી કે – કયારેય કદી અયોગ્ય પગલું નહિ ભરે સમયાંતરે મળતા રહી, નિરાશાનાં પૂરમાં વહી જતાને બચાવવાનો પ્રયાસ હતો.

ડો. પંડીતના વાત મુજબ આ યુવાન બુધ્ધિશાળી છે. પરંતુ વિપરિત સંજોગોનો શિકાર બન્યો છે. સધિયારાની જરૂર છે. દુભાયેલી લાગણીને શાંત કરવી જરૂરી છે...!

દરેક વ્યકિત પોતાની અલગ વિશેષતા ધરાવે છે. તેમને ઓળખીને તેમની પ્રતિભા, જ્ઞાન, સમજ, જાણીને સલાહ સારવાર અને જરૂર પડે દવાની પણ જરૂર પડે છે. સંવેદના, લાગણી, આવડત કૌશલ્ય દરેકમાં અલગ અલગ હોય છે.

દર વરસે આપઘાતનાં બનાવો વાંચી આ અંગે પણ સરકારે પગલા લેવા જોઈએ – તેમ થાય છે કે આપણી આસપાસ આવા સ્ત્રી-પુરૂષો હોય છે તેમને સમજાવીને આ માર્ગોથી પાછા વાળવા જોઈએ. સમાજમાં સંવદનાનો ગુણ ગાયબ થઈ ગયો છે કે શું ? લાગણી – પ્રેમ– સમર્પણ જેવા શબ્દો વાર્તામાં જ વાંચવાનાં ?

અબ્રાહમ લિંકને ગુલામોની બજાર જોઈ રડી પડયા હતા. આ માટે શું કરી શકાય ? ચૂંટણી લડી – સત્તા આવે તો કાયદામાં પરિવર્તન કરી શકાય. ચૂંટણીમાં વારંવાર હાર મળી તેમ છતાં સારૂં કરવાનો સંકલ્પ તેને પ્રમુખ બનાવ્યો ! અમેરિકામાં તે સમયે હબસીઓને પકડી મજબૂત દોરડાથી બાંધીને બજાર ભરાતું શાકભાજી, ફ્રુટ જેમ વેચાય તેમ સ્ત્રી-પુરૂષો બાંધીને વેચાતા લેતા ગોરા માણસો આવતા, શરીરને તપાસી યુવાન-સ્ત્રીઓને લઈ જતા, તેનાં બાળકો બીજા વેપારી લઈ જાય, તેના પતિનો ત્રીજો લઈ જાય. દંડા અને ચાબુકથી ફટકા મારી કાળી મજૂરી માટે લઈ જતા. હલકી વૃત્તિથી ખરીદી કરી હલકા કામમાં લઈ જતા સંવેદનશીલ લિંકને ગુલામનો વેપાર બંધ કરાવ્યો. આ કાળો ઈતિહાસ વાંચતા ગમે તેવો માણસ શરમથી રડી પડે. એક જ વ્યકિત ધારે તો દુનિયા બદલી શકે. યુધ્ધ બંધ કરાવી શકે આજે આખા વિમાં યુધ્ધની સ્થિતિ છે ત્યારે કોઈ મણ માનવની પ્રતિક્ષા છે.

આ ભયંકર સ્થિતિમાંથી બહાર લાવે. બીજુ યુધ્ધ આપણા મનમાં ચાલે છે અડધી દુનિયા – તણાવ, ચિંતા, ભય, રોગોથી પીડાય છે. આ વખતે દરેક વ્યકિત એકબીજો વિાસ પ્રેમ, સાથ આપે, તો પ્રશ્નો હલ થાય માણસ માણસથી દુર થતો જાય છે. આપણો સમાજ પ્રતિભા બુધ્ધિ, જ્ઞાન, કૌશલ્ય વાળા માણસોથી ભરપુર છે. સમજનારા પીઠ થાબડી, પ્રોત્સાહન આપનારા શિક્ષકો, સ્વજનો, મિત્રોની જરૂર છે જે આવા વ્યકિતને માર્ગદર્શન, પ્રેરણા પૂરી પાડી મદદ કરે.

શિક્ષકોએ કે કુટુંબીજનોએ બાળકોને તુ ઠોઠ છે. તુ પાસ નહીં થઈ શકે તેવા શબ્દો કયારેય કહેવા નહિ. યુવાવયે નિષ્ફળ મળે તો પણ ટીકા કરવી નહીં. પડેલા ઘા ઉપર પ્રેમનો પાટો બાંધવો સહિષ્ણુતા, પ્રેમ અને ધીરજથી મીઠાં શબ્દોમાં શિખામણ આપવી તેમના કાર્યને મહેનતની પ્રશંસા કરવી.

ધ એલ્કોમિસ્ટના લેખકને કલાકાર બનવાની ઈચ્છા હતી પણ પોલોકોએલોને કોઈએ પ્રોત્સાહન આપ્યુ નહિ પોતાની ઈચ્છા બને વર્તમાન અભ્યાસ વચ્ચે હતાશ રહેવા લાગ્યો અને માતા-પિતા અને માન્યુ કે તે માનસિક અસ્થિર છે. તે વખતે પોલોની ઉંમર આ વિજય જેટલી વીસ વરસની હતી મનોચિકિત્સકોએ પોલોને પાગલ સમજીને અનેકવાર વીજળીનાં શોક આપ્યા ફરીવાર મનોરોગીની હોસ્પિટલમા મોકલ્યો પોલોને કંઈક બનવાની ઈચ્છા હતી. પત્રકાર બન્યો રાજકારણમાં રહ્યો શાંતિ અને પ્રેમના પ્રયાસો માટે ગીતો લખ્યા બ્રાઝિલમાં અભિવ્યકિતની સ્વતંત્રતા માટે આંદોલન કર્યુ. ધરપકડ થઈ નકકી કર્યુ માનસિક શાંતિ માટે ''ધ એલ્કોમિસ્ટ પુસ્તક લખ્યું પહેલી આવૃતિની ૯૦૦ નકલો પ્રકાશકે છાપી સમજુ અને ડાહયા માણસોએ પ્રશંસા કરી પ્રોત્સાહન આપ્યુ આ પુસ્તકની દસ કરોડે નકલ વેચાઈ ૬૭ ભાષામાં અનુવાદ થયો પુસ્તકનો ગુજરાતી અનુવાદ કર્યો છે. વિશ્વનાં મોટા માણસો એના પ્રશંસકો બન્યા છે. નિરાશા એમણે ખોટો માર્ગ પસંદ કર્યો હોત તો ? સ્વપ્નો સાકાર કરવા લેખકના માર્ગે પાત્રોનું સર્જન કર્યુ. મનની અપાર શકિત છે; જેવા વિચાર કરશો તેવા તમે થવાના, દિલના વિચાર નકકી જીવન બની જવાના. મનની શકિતથી ઘણા રોગો મટી શકે છે, પાંચ ફૂટનાનો નેપોલિયને ધરતી ધ્રુજાવી હતી હિટલર, સિંકદર બહુ ઉંચા ન હતા પરંતુ મનોબળ મજબુત હોવાથી તેઓ અનેક લડાઈ જીત્યા. મન મજબુત હોય તો સફળતા મળે છે.

આપણા ધર્મગ્રથોમાં આ કરતા પરાક્રમી અને અદ્ભુત પ્રેરણા દાયક કથાઓ છે પણ હાલ કોઈ આવા પુસ્તકો કોણ વાંચે છે ? વિજય, તારામાં ઘણી શકિત, ટેલેન્ટ છે. મોબાઈલના કરૂણ ગીતોને બદલે ગાઓ આશાના ગાન મિસ પંડીત આવ્યા ત્યારે તારા મોબાઈલમાં ગીત આવતુ હતું. '' તુમને દિએ જખ્મ વો નાસુર હો ગએ'' પછી રાહે ના રહે હમ મહેંકા કરેંગે બનકે કલી... તો પછી અત્યારે જ ફૂલ બની મહેકો... પછી તો ઘણી વાતો થઈ. દુભાયેલા હદયને પ્રેમ-સ્નેહથી વાતો કરવાથી હૈયું આપો આપ ઉઘડે છે. સંગાથની જરૂર છે. પ્રેમની જરૂર છે. વિજય સામે મેં તાત્કાલિક લખેલ પંકિતઓ વાંચી : કવિતાની કેડીએ ચાલતા થાક લાગ્યો મને ઘણા લખ્યા શબ્દો શું સમજાવું તને ? કાલ મળું ન મળુ મેં જે વાત કરી છે. તેનો પ્રતિભાવ મને લખીને આપજે મેં ફરી એક પુસ્તક તેને આપ્યું પણ તેને સ્વીકાર્યુ નહિ.. હજી સારવારની જરૂર છે ! (અપૂર્ણ)

# 'સમજણ એ જ નારાયણ'

## ''બહુ સરળતાથી જગત જીતી જવાતું હોય છે, આપણી આ જાતને પહેલાં હરાવી જોઈએ.''

– ગૌરાંગ ઠાકર



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

એક સરસ વાકય ધ્યાને આવેલુ કે ''આપણને આપણા પોતાનાથી વધારે બીજું કોઈ નડતું હોતું નથી.'' વાત સાવ સરળ છે, પણ તેનો મર્મ ઘણો ઊંડો છે ! માણસ કાયમ પોતાનો સ્વભાવ અને ગ્રંથીઓ સાથે લઈને જીવનભર જીવતો રહે છે. પોતાનો જ કકો ખરો સાબિત કરવામાં આયખુ કાઢી નાખતો (વેડફી નાખતો !) હોય છે ! સ્વભાવગત હોય, કે અભ્યાસગત હોય, જન્મજાત હોય કે પછી વારસાગત હોય, કોઈ સદ્પુરૂષનાં સહવાસથી હોય કે પછી ભીતરની ઝંખનાને આધીન હોય, સદ્ગુણો મળવા, કેળવવા કે અપનાવવા એ તો ઈશ્વરકૃપા અને પૂર્વજન્મોનાં સંચિત કર્મોને આધીન બાબતો છે, અન્યથા તો એવરેજ માણસો પોતાની ગ્રંથીઓ માન્યાતાઓ અને ધારણાઓને જ સાચી માની લેતો હોય છે ! અને એટલે જ અનુભવાયું છે કે જ્ઞાની પુરૂષ કોઈ પણ કાર્ય વિચારીને જ અમલમાં મૂકશે, જયારે અજ્ઞાની અમલ કર્યા પછી વિચારશે ! પોતાની જુઠી અને ધારી લીધેલી ધારણાઓને જ સત્યમાં ખપાવી દેવાની મથામણો છેવટે તો પોતાના માટે અને સમાજ માટે, પરિવાર માટે, અનેક-અનેક અનર્થો સર્જતી રહે છે ! સૌને તેનાં માંઠા પરિણામો ભોગવવા પડે છે !

સદ્ગુણો પ્રાપ્ત કરવા જાળવવા માટે અથાક પ્રયત્નો કરવા પડે છે, જીવનભર સાધના સ્વરૂપે જીવવું પડે છે, ત્યારે જાતને એક સુદઢ, સંયમી, ઢ ાંચામાં ઢાળી શકાતી હોય છે, દુર્ગુણો શીખવા માટે કોઈ કલાસ નથી ભરવા પડતાં, એ તો બે ધ્યાન થવાથી આપોઆપ જ પ્રવેશી જતાં હોય છે, જે ક્ષણ ગફલતની હોય છે, એ જ પતનની હોય છે. આ સંસારનો વણલખ્યો નિયમ છે, માણસ તરીકે મણેલો આ અવતાર સફળ બનાવવા, સાર્થક બનાવવા સતત જાગૃત, તૈયાર અને તત્પર રહેવું પડે છે ! બાકી તો ભટકાવાનાં માધ્યમો અને મોકાઓની જરાય ખોટ નથી ! ત્યારે મહેન્દ્ર જોષીની રચના ઘણી પ્રાસંગિક લાગે છે : ''શબ્દને પામ્યા નહીં અને આ અર્થને પામ્યા નહીં,

કોણ છે એ લોક જેઓ દર્દને પામ્યા નહીં
સંગ તો થોડુંક ચાલ્યાને તરત પાછા વળ્યા,
એ પછીથી ઘર જવાના માર્ગને પામ્યા નહીં
કોણ જાણે કેટલું અંતર રહ્યું બે આંખનું
દશ્ય અટવાતાં રહ્યા પણ દર્શનને પામ્યા નહીં
રંગ એનો એ જ ને ચળકાટ પણ એવો જ રહ્યો,
ગેરૂને કંચન વિષેના ફર્કને પામ્યા નહીં
ઓટ-ભરતીનો સમંદર પાંપણો પર ઊંચકયો,
શોકને પણ પામ્યા નહીં ને હર્ષને પણ પામ્યા નહીં !''

# શિક્ષણ, સંવેદના અને સેવા યાત્રા

આ ત્રણે શબ્દોનો સંગમ જો કોઈના વ્યકિતત્વમાં સ્પષ્ટ રૂપે જોવા મળે તો તે છે 'તખુભાઈ સાંડસુર' શિક્ષણ એ માત્ર પુસ્તકોના પાનાંઓમાં સમાયેલું જ્ઞાન નથી, તે જીવનને ઘડતી પ્રક્રિયા છે. એક સાચો શિક્ષક માત્ર વિદ્યાર્થીઓને ભણાવતો નથી, પરંતુ તેઓમાં વિચારોની જયોતિ પ્રગટાવે છે, જીવનમાં મૂલ્યોના બીજ વાવે છે. આવા પ્રેરણાસ્ત્રોત, શિક્ષણ અને સંસ્કારના દીપક તખુભાઈ સાંડસુરે પોતાના સમગ્ર જીવનને શિક્ષણ, સમાજસેવા, પર્યાવરણપ્રેમ અને સકારાત્મક વિચારો માટે સમર્પિત કર્યુ છે.'૧૧ આક્ટોબર, ૧૯૬૧' ના રોજ જન્મેલા તખુભાઈએ જીવનના ૬૫ વર્ષના પ્રવાસમાં શિક્ષણક્ષેત્રે, સમાજસેવામાં, પત્રકારત્વમાં અને પર્યાવરણ જાગૃતિમાં અદ્વિતીય યોગદાન આપ્યું છે. તેઓએ અવિરત કાર્યશકિત અને ઉર્જાથી અનેક ક્ષેત્રોમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. તેમનું દરેક કાર્ય એક સંદેશ આપે છે. ''શિક્ષક નિવૃત્ત થઈ શકે, પરંતુ શિક્ષણનો પ્રકાશ કદી નિવૃત્ત થતો નથી.''તખુભાઈએ શિક્ષણ અને અધ્યાપનના યોગદાનમાં ૩૪ વર્ષ સુધી માધ્યમિક તથા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે અધ્યાપન અને વહીવટી ફરજો નિભાવી છે. શિક્ષણને માત્ર વ્યવસાય નહી પરંતુ 'જીવનધર્મ' માનીને અનેક યુવાઓને રોજગારલક્ષી માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓએ 'રોજગારલક્ષી દિશા' મેળવી છે. તેમની શિક્ષણયાત્રા ફકત પાઠ્યપુસ્તક પૂરતી નથી રહી તેમણે વિદ્યાર્થીઓને વિચારવા, પ્રશ્ન પૂછવા અને આત્મવિાસથી આગળ વધવા પ્રેરિત કર્યા છે. તેમજ શિક્ષણને રોજગારી સાથે જોડવાની નવી વિચારધારા રજૂ કરી, જેના કારણે ઘણા યુવાનો આત્મનિર્ભર બન્યા છે. તખુભાઈએ માધ્યમિક શાળાઓના નિર્માણ અને સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે શાળાને ફકત ભવન તરીકે નહીં, પરંતુ એક 'જીવંત વિચારધારા' તરીકે વિકસાવી. તેમના પ્રયત્નોથી અનેક શાળાઓમાં શિક્ષણ જયોતિ પ્રગટાઈ અને અણગણિત વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકાશ ફેલાયો. તેમણે અઢળક વિદ્યાર્થીઓના જીવનમાં 'શિક્ષણ જયોતિનો ઉદય' કર્યો છે. રાજય અને રાષ્ટ્રીય સ્તરે મળેલા અનેક સન્માનો તેમના ઉત્કૃષ્ટ કાર્યની સાક્ષી છે.સાહિત્ય અને સંશોધન સર્જન તખુભાઈની કલમ તેમની વિચારશકિતનું પ્રતિબિંબ છે. લેખનક્ષેત્રે તેઓ હમેશા અગ્રેસર રહ્યા છે. તેમણે અત્યાર સુધી '૧૧' પુસ્તકોમાં યોગદાન આપ્યું છે, જેમાંથી '૭' પુસ્તકોનું લેખન અને '૪' પુસ્તકોનું સંપાદન કર્યુ છે. શૈક્ષણિક વિચારધારાને પ્રેરક રૂપે રજૂ કરતી આ કૃતિઓ શિક્ષણ જગતમાં માર્ગદર્શક બની છે. તેમની કૃતિઓમાં શિક્ષણ, સંસ્કાર, સમાજ અને પ્રેરણાના મૂલ્યો સ્પષ્ટ દેખાય છે. શબ્દોના માધ્યમથી તેમણે શિક્ષક, વિદ્યાર્થી અને સમાજ વચ્ચે એક વિચારોનો સેતુ બાંધ્યો છે. એક વિશિષ્ટ વિદ્યાર્થી તરીકે તખુભાઈએ ગાંધીજી ભણ્યા તે ' શામળદાસ કોલેજ'માંથી અભ્યાસ કર્યો હતો અને કોલેજના ૧૦૦ વર્ષની ઉજવણી પ્રસંગે તેમને 'શ્રેષ્ઠ ૧૦૦૦ વિદ્યાર્થીઓ'માં સ્થાન મળ્યું હતું. જે તેમની શૈક્ષણિક પ્રતિભાનો જીવંત પુરાવો છે. શિક્ષણ અને સંસ્થા કાર્યમાં અગ્રેસર એવા તખુભાઈએ ૨૦૧૯માં નિવૃત્તિ બાદ આરામ નહી પણ કામને પ્રાધાન્ય આપી 'ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ' – એક નવયુગની શરૂઆત કરી ઉર્જાસ્ત્રોત અવિરત રાખ્યો છે. જે આજે શિક્ષણક્ષેત્રમાં એક

**તખુભાઈ સાંડસુર**
મુ. વેળાવદર, તા.ગારીયાધાર, જિ.ભાવનગર



મહત્વપૂર્ણ માધ્યમ બની ગયું છે. આ મંચ દ્વારા તેમણે અનેક નવી પહેલો શરૂ કરી છે. ૬૧મા જન્મદિવસે ૬૧ શિક્ષકોનું સન્માન કરી પ્રેરણાની જયોત જગાવી. ફોરમ શિક્ષક એવોર્ડ અંતર્ગત કુલ ૧૪ પ્રતિભાશાળી શિક્ષકોને સન્માનિત કર્યા. ૫૦ શિક્ષકોનું જાહેર સન્માન કરીને શિક્ષણમાં પ્રતિષ્ઠા વધારી. ૩ શૈક્ષણિક પુસ્તકોનું પ્રકાશન, જે શિક્ષકો માટે માર્ગદર્શક બન્યાં. ૮ શિક્ષણ પરિસંવાદોનું આયોજન, જેમાંથી શિક્ષણની ગુણવત્તામાં સુધાર આવ્યો. ૬૦૦થી વધુ શિક્ષકોને પ્રેરણા અને પ્રમાણપત્રો સાથે જાહેર અભિવાદન.શિક્ષકોમાં ''સંબંધ, સંવાદ અને સન્માન''ની સંસ્કૃતિ જાગૃત કરી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટેના અનોખા ઉપક્રમો તખુભાઈની વિચારશકિત હંમેશાં બાળક અને શિક્ષક બંનેને કેન્દ્રમાં રાખે છે. તેમણે ''બાલવાર્તા અભિયાન'' શરૂ કર્યુ, જેના અંતર્ગત ગુજરાતની ૩૪૨ પ્રાથમિક શાળાઓમાં લગભગ ૬૦,૦૦૦ બાળકો લાભાન્વિત થયા.'દસ-બાર ચપટીમાં પાર' જાહેર પરીક્ષા માર્ગદર્શન કાર્યક્રમ દ્વારા બે વર્ષમાં ૧૦૦થી વધુ શાળાઓના ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓને સીધી સલાહ આપી. નિવૃત્ત શિક્ષકોને પણ ભૂલ્યા વિના તેમના કાર્યકાળને ઉજાગર કરીને સન્માન સમારંભો યોજયા – જે શિક્ષણના પરિવાર માટે માનવતાભર્યો ઉપક્રમ છે. શિક્ષણ સાથે જ તખુભાઈએ છેલ્લા એક દશકાથી વધુ સમયથી 'માનદ પત્રકારત્વ'ક્ષેત્રે પણ નોંધપાત્ર કામગીરી કરી છે. એક અગ્રણી દૈનિકમાં ' એડિટોરિયલ સહાયક' તરીકે સેવા આપતાં તેમણે આશરે ૧૦૦૦ તંત્રીલેખો લખ્યાંછે.તેમણે જયહિન્દ, ગુજરાતટુડે, અવધટાઈમ્સ, વેસ્ટર્નટાઈમ્સ, ધબકાર જેવા અગ્રણી દૈનિકોમાં સતત કોલમ લખીને લોક પ્રશ્નોને અવાજ આપ્યો છે. તેમનું સાપ્તાહિક 'સકારાત્મક પત્રકારત્વ' છેલ્લા સાતવર્ષથી પ્રેરણાદાયી લેખન માટે ઓળખાય છે. તેમની કલમ સદા સમાજના પ્રશ્નો, શિક્ષણના મુદ્દાઓ અને માનવીય સંવેદનાઓ માટે સમર્પિત રહી છે.અન્ય સાપ્તાહિકો સાથે પણ જોડાયેલા છે.સંસ્કૃતિ અને વિદૃષ્ટિએ તખુભાઈએ દુનિયાના સાતેક દેશોનો સાંસ્કૃતિક પ્રવાસ કર્યો છે. આ પ્રવાસો તેમના વિચારોને વૈકિ દષ્ટિ સાથે જોડે છે. તેમનું જીવન સાદગી, સ્વચ્છતા અને સંવેદનાથી સમૃદ્ધ છે. તખુભાઈના જીવનની સૌથી મોટી વિશેષતા એ છે કે તેઓ હંમેશાં છેવાડાના વ્યકિત સાથે જોડાયેલા રહ્યા છે. એ વ્યકિતના દુઃખમાં સહાનુભૂતિ અને આનંદમાં સહભાગી બન્યા છે. તેમના કાર્યમાં માનવીયતા, સહાનુભૂતિ અને સમાનતાનો અખંડ સંદેશ સ્પષ્ટ દેખાય છે. તખુભાઈએ પૂજય મોરારિબાપુની વૈચારિક સમૃદ્ધિને જનજન સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. તેમની દષ્ટિમાં આધ્યાત્મિકતા એટલે જીવનની સકારાત્મક ઊર્જા જે દરેક શિક્ષક અને સમાજ કાર્યકર્તામાં હોવી જ જોઈએ.પર્યાવરણ પ્રેમ અને પ્રકૃતિ સેવામાં પ્રથમ રહેનાર તખુભાઈ પ્રકૃતિના સાચા ઉપાસક છે. તેમણે પોતાના વતન વેળાવદર ગામમાં ૧૦૦૦થી વધુ વૃક્ષો ઉછેર્યા છે. તેમણે અનેક પર્યાવરણીય અભિયાનોને નેતૃત્વ આપ્યું છે.૨૦૦૧: ગારિયાધારથી પાલીતાણા (૨૮ કિ.મી.) વૃક્ષજાગૃતિ પદયાત્રા, ૨૦૦૪ : ગાંધી આશ્રમથી ગાંધીનગર (૨૪ કિ.મી.) પર્યાવરણકુચ, ૨૦૧૩: ઈંગોરાળાથી જેસર (૨૫કિ.મી.) સિંહ જાગૃતિ મોટર સાયકલ યાત્રા ભાવનગર જિલ્લાના સિંહ દિવસ ઉજવણીના સંયોજક તરીકે સને ૨૦૧૮ થી દર વર્ષે ૩ લાખ વિદ્યાર્થીઓની ભાગીદારીથી પર્યાવરણ જાગૃતિ ફેલાવે છે.તેમણે અનેક શિબિરોમાં વિદ્યાર્થીઓને પર્યાવરણીય શિક્ષણ આપ્યું છે. તેઓના જીવનમાંથી મળતા પાઠમાં એ શીખી શકીએ કે તખુભાઈ સાંડસુરનું સમગ્ર જીવન પ્રેરણાનું પુસ્તક છે. તેમની યાત્રામાંથી આપણે કેટલાક અમૂલ્ય પાઠ મેળવી શકીએ.૧. નિવૃત્તિ અંત નથી, નવી શરૂઆત છે. ૨. શિક્ષણમાં માનવીયતા જ સૌથી મોટું મૂલ્ય છે. ૩. કલમથી સમાજ બદલાય છે, શસ્ત્રોથી નહી. ૪. પર્યાવરણ અને સંસ્કારનું રક્ષણ એ રાષ્ટ્રસેવા છે. ૫. દરેક વ્યકિતમાં શિક્ષક છે ફકત તેને જગાડવાની જરૂર છે.અંતમાં તખુભાઈ સાંડસુરનું જીવન એ શિક્ષકની શકિત, સંવેદનાની સંપત્તિ અને સેવાભાવની સાકારતાનું જીવંત દર્પણ છે. તેમના કાર્યથી ગુજરાતનું શિક્ષણજગત માત્ર સમૃદ્ધ જ નથી બન્યું, પરંતુ પ્રેરણાત્મક દિશા પણ પામ્યું છે. તેમનો આ ૬૫મો જન્મદિવસ એક વ્યકિતનો નહિ, પરંતુ એક વિચાર અને મૂલ્યના ઉત્સવ રૂપે મનાવવામાં આવે તે યોગ્યછે. ''જયાં સુધી વિચાર જીવંત છે, ત્યાં સુધી શિક્ષણ પણ જીવંત છે.'' તખુભાઈ સાંડસુર માત્ર એક શિક્ષક નહીં. પણ એક વિચાર, એક સંસ્થા, એક પ્રવૃત્તિ છે. તેમનું જીવન શિક્ષણ, સંસ્કાર, પર્યાવરણ અને પત્રકારત્વનું સંગમ છે. **લેખક શ્રી પ્રા.ડો. ભાવનાબેન કે. ઠુંમર**

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ૨૮૪મો નેત્રયજ્ઞ, સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



ચલાલા – અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૮૪મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી– ગાંધીનગર તથા જીલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાનું–ચાડીયા તથા સરકારી આયુર્વેદ દવાખાનું સરસીયા અને સરકારી હોમિયોપેથીક દવાખાનું જનરલ હોસ્પિટલ અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ પુ.સંત ડો.રતિદાદાના આશીર્વાદથી મંગલ દિપ પ્રાગટય દ્વારા થયો હતો. બધાને સારૂ થઈ જાય, બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી સાથે વ્યસન મુક્ત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી–મળીને રહેવું જેવી વાત કેમ્પ દરમિયાન કરવામાં આવી હતી. સ્વ. કલ્પેન અશોકભાઈ રાજાણીની યાદમાં હસ્તે અશોકભાઈ લીલાવંતીબેન રાજાણી પરિવાર યુ.કે. ના આર્થિક સહયોગથી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ–રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૩૨ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. નેત્રયજ્ઞમાં ડો. વાઘેલા દ્વારા અનેક દર્દીઓને આંખની તપાસ પણ વિનામૂલ્યે કરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. પ્રકાશભાઈ, ડો. આરતીબેન તેમજ ડો. હેતલબેનએ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન સહીત સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરામાં ટ્રાફિકથી ધમધમતા માર્ગનાં

નાળુ રેલીંગ વગરનું જોવા મળી રહ્યું છે. જેને તાત્કાલિક અસરથી નવી રેલીંગ બનાવવામાં આવે તેવી માંગણી રાહદારીઓ દ્વારા કરવામાં આવી રહી છે.


રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે રોડપર પર જે જગ્યાએ આ નાળાની રેલીંગ તૂટેલી આવેલ છે એ વિસ્તારમાં શ્રી નીલકંઠ મહાદેવનું અતિ પૌરાણીક મંદિર આવેલું છે તેમજ મોટા ભાગના રહેણાંક વિસ્તાર આવેલા હોવાથી નિયમિત મંદિરમાં દર્શન કરવા આવતા ભાવિકો તેમજ આજ વિસ્તારમાં રહેતા લોકોની સતત અવરજવર રહે છે. વળી આ નાળાથી સીધો માર્ગ અહીં મંદિર તરફ અને રહેણાંક તરફ જતો હોય છે. ત્યારે કયારેક રેલીંગ વગર સીધા ખાડામાં પડી જવાની ભીતી સતાવે છે. રાત્રી વખતે ખૂબ જ લોકો સાવચેતી પૂર્વક અહીંથી પસાર થાય જો કોઈ ગંભીર અકસ્માત સર્જાશે તેવી લોકોમાં અને રાહદારીઓમાં સતત ભય રહેતો હોય છે તેમજ રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે રોડપરથી પસાર થતા વાહન ચાલકોને પણ રેલીંગ નજરે નહિ પડતા તેઓ સાવ રોડપર આવીને વાહન ચલાવી નિકળી જાય છે જે ખૂબ જોખમ ભર્યુ છે.

ત્યારે માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ અને નેશનલ ઓથોરિટી દ્વારા કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા અહીં નાળા ની તૂટેલી રેલીંગ નવી કરવાની કાર્યવાહી કરવી જોઈએ તેવી રાહદારીઓ અને વાહન ચાલકોમાં માંગ ઉઠી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનો હાર્દસમો માર્ગ બનાવવામાં

લગાવવામાં આવ્યા નથી માત્ર ઉભા રાખવામાં આવ્યા હોય તે પણ જોખમી બની ગયા હોય જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાનો ખર્ચ માર્ગ બનાવવા પાછળ થઈ રહ્યો હોવા છતાં પણ નિયમો, સુરક્ષા, ગતિનો અભાવ જોવા મળી રહ્યો છે અને માર્ગ–મકાન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓને માર્ગમાં નિયમોની અમલવારી થાય છે કે કેમ તે જોવાની ફુરસદ હોય તેવું લાગતું નથી.

## બગસરા ખાતે જેસીઝ ગૃપ દ્વારા ૬૩૦મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૫

બગસરા ખાતે જેસીઝ ગ્રુપ દ્વારા ૬૩૦માં નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન રાજકોટ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ સહયોગથી કરવામાં આવે છે. આ કેમ્પમાં દર્દીઓને આંખના ઓપરેશન માટે વિનામૂલ્ય રાજકોટ લઈ જવામાં આવે છે. અને ઓપરેશન દરમિયાન દર્દીઓને ચા પાણી નાસ્તો તેમજ ભોજન પૂરૂ પાડવામાં આવે છે. જયારે શિયાળા દરમિયાન દર્દીઓને ટ્રસ્ટ દ્વારા એક બ્લેન્કેટ પણ ભેટ આપવામાં આવે છે. ઓપરેશન થયા બાદ દર્દીઓને વાહન મારફતે વિનામૂલ્યે બગસરા પરત પણ મૂકવાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. જયારે આ કેમ્પ બગસરામાં દર મહિનાના બીજા શુક્રવારના રોજ કરવામાં આવે છે. ત્યારે આ કેમ્પના દર મહિનાના અલગ અલગ દાતાઓ પણ હોય છે. આ કેમ્પની શરૂવાત દીપ પ્રાગટય કરી કરવામાં આવી હતી અને જય સીયારામ અને જય ગુરૂદેવના જય ઘોષ કરી કરવામાં આવી હતી. ત્યારે આજે ૬૩૦ માં કેમ્પના દાતા રાજુભાઈ બામટાના પિતા અને હાર્દિકભાઈ બામટાના દાદા અને દાદી ભવાનીશંકરભાઈ બામટા અને સાવિત્રીબેન બામટાની પુણ્યતિથિ નિમિતે આયોજન કરવામાં આવ્યો હતો. જયારે આ કેમ્પમાં જરૂરિયાત મંદ દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. અંતમાં કેતનભાઈ દીક્ષિત દ્વારા તમામ દર્દીઓને ઓપરેશન પછી કઈ પ્રકારની કાળજી રાખવી તેના વિશે વિશેષ માહિતી પણ આપવામાં આવી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| ૨ | કપાસ કોડી | ૮૧૦ | ૧૧૫૧ |
| ૩ | મગફળી | ૮૪૬ | ૧૨૪૦ |
| ૪ | ઘઉં | ૪૮૫ | ૫૨૮ |
| ૫ | ચણા | ૧૦૯૬ | ૧૧૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૯૮૧ | ૨૦૦૦ |
| ૭ | ધાણા | ૧૪૦૦ | ૧૪૦૧ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૬ | ૧૫૦૯ |
| ૨ | એરંડા | ૧૧૮૩ | ૧૧૮૩ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૧ | ૧૫૧૫ |
| ૨ | કપાસ કોડી | ૯૯૦ | ૧૨૩૫ |
| ૩ | મગફળી | ૬૮૦ | ૧૩૧૫ |
| ૪ | જુવાર સફેદ | ૮૫૧ | ૧૦૬૦ |
| ૫ | એરંડા | ૧૧૬૧ | ૧૧૬૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૨૫ | ૧૧૯૨ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૩ | ગીરનાર શીંગ | ૮૯૦ | ૧૨૨૦ |
| ૪ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૯૬ |
| ૫ | શિંગદાણા | ૯૮૦ | ૧૧૪૦ |
| ૬ | તલ સફેદ | ૧૪૦૦ | ૩૦૧૦ |
| ૭ | તલ કાળા | ૨૫૭૫ | ૫૧૫૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૩૮૦ | ૨૨૪૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૪૪૬ |
| ૧૦ | જુવાર | ૪૬૦ | ૯૮૧ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૮૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૦૮ | ૬૦૦ |
| ૧૩ | અડદ | ૯૧૦ | ૧૪૫૦ |
| ૧૪ | ચણા | ૯૨૫ | ૧૦૯૫ |
| ૧૫ | સફેદ ચણા | ૯૯૧ | ૧૦૮૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| ૧૭ | તુવેર | ૧૨૦૬ | ૧૨૫૦ |
| ૧૮ | કપાસ | ૧૦૬૨ | ૧૫૯૨ |
| ૧૯ | એરંડા | ૧૧૨૫ | ૧૩૦૬ |
| ૨૦ | જીરૂ | ૨૦૦૦ | ૩૭૭૦ |
| ૨૧ | ધાણા | ૧૨૦૦ | ૧૪૨૫ |
| ૨૨ | મેથી | ૬૪૫ | ૯૪૧ |
| ૨૩ | સોયાબીન | ૭૫૦ | ૯૦૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૫૦ | ૧૧૫૧ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૩૧૧ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૧૪ |
| ૪ | તલ કાળા | ૪૩૦૦ | ૫૩૬૫ |
| ૫ | જીરૂ | ૩૩૦૦ | ૩૮૦૦ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૩૮ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૨ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૪૭૦ |
| ૧૦ | જુવાર | ૯૦૦ | ૧૦૮૩ |
| ૧૧ | અડદ | ૭૪૧ | ૧૧૦૩ |
| ૧૨ | ચણા | ૮૫૧ | ૧૧૩૦ |
| ૧૩ | તુવેર | ૯૭૦ | – |
| ૧૪ | ધાણા | ૧૧૦૧ | – |
| ૧૫ | સોયાબીન | ૭૮૮ | ૯૩૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૨૮ |
| ૪ | ચણા | ૯૦૫ | ૧૦૯૫ |
| ૫ | ચણા સફેદ | ૭૯૦ | ૮૦૦ |
| ૬ | ચણા છોલે | ૧૬૦૦ | ૧૬૨૦ |
| ૭ | અડદ | ૯૧૦ | ૧૧૦૦ |
| ૮ | ધાણા | ૧૩૦૫ | ૧૫૨૫ |
| ૯ | તુવેર | ૭૭૭ | ૧૧૨૫ |
| ૧૦ | રાય | ૧૦૧૫ | ૧૦૨૫ |
| ૧૧ | લસણ | ૩૭૫ | ૫૫૫ |
| ૧૨ | સોયાબીન | ૭૯૫ | ૯૧૭ |
| ૧૩ | તલ સફેદ | ૧૬૪૦ | ૨૧૬૦ |
| ૧૪ | તલ કાળા | ૨૧૦૦ | ૩૩૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૦ | ૧૫૫૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૬૦ |
| ૩ | મગફળી | ૯૬૯ | ૧૩૧૧ |
| ૪ | તલ સફેદ | ૧૬૮૫ | ૨૧૧૫ |
| ૫ | તલ કાળા | ૩૨૨૦ | ૪૯૧૦ |
| ૬ | જીરૂ | ૩૨૮૦ | ૩૮૭૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૮ | ચણા | ૯૫૫ | ૧૨૦૫ |
| ૯ | મગ | ૧૨૪૦ | ૧૪૭૦ |
| ૧૦ | અડદ | ૯૬૦ | ૧૨૧૦ |
| ૧૧ | સોયાબીન | ૭૮૬ | ૮૮૪ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૪૫૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૧ | ૨૪૦૦ |
| ૩ | તલ કાળા | ૩૬૫૦ | ૪૩૫૨ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૫૧૧ |
| ૫ | બાજરો | ૩૫૧ | ૬૭૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૨ | ૫૯૦ |
| ૭ | જુવાર | ૭૫૧ | ૧૧૫૧ |
| ૮ | મગ | ૬૫૦ | ૬૫૦ |
| ૯ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૧ | સોયાબીન | ૬૮૧ | ૮૮૧ |

# આંબરડી ગામે રાજયપાલની ઉપસ્થિતિમાં સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા અન્વયે કાર્યક્રમ યોજાયો




તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે આંબરડી માધ્યમીક શાળામાં તા.૧૪/૧૧/૨૦૨૫ના રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ પ્રેરીત સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા અન્વયે મહામહીમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતીમાં કાર્યક્રમનું આયોજન થયેલ. જેમાં ગુજરાત વિદ્યાપીઠના કુલપતી ડો. હર્ષદભાઈ પટેલ અને સ્ટાફ તેમજ યાત્રીઓ અને આંબરડી માધ્યમીક શાળા, પ્રાથમિક શાળા, લોક વિદ્યાલય થોરડી મળી ત્રણેય શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ પણ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆત મહામહીમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના આગમનથી શરૂ થતા સૌપ્રથમ રાજયપાલને આંબરડી કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી અને એપીએમસી સાવરકુંડલાના ચેરમેન દિપકભાઈ માલાણી અને શાળાના આચાર્ય મુકેશભાઈ માલવિયાએ આવકારી મંચસ્થાને ઉપસ્થિત ધારાસભ્ય મહેશભાઈ કસવાલા એ બુક આપી અને સરપંચ પ્રેમજીભાઈ બગડાએ એ સુતરસુત્ર આપી સન્માનીત કરેલ. અને ગુજરાત વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર ડો.હર્ષદભાઈ પટેલે શબ્દોથી સ્વાગત કરેલ. બાદમાં ગુજરાત વિદ્યાપીઠ દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્વદેશી સંકલ્પ આધારીત "સ્વદેશી ગીત" રજુ કરેલ. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજીત સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા અન્વયે પ્રાસંગીક સંદેશો આપતા મહામહીમ રાજયપાલે જણાવેલ કે, "વિદ્યાર્થીઓએ માત્ર અભ્યાસક્રમ લક્ષી શિક્ષણ નહી પરંતુ જીવનને સ્વાવલંબન બનાવે તેવું શિક્ષણ પ્રાપ્ત કરવુ જોઈએ. કિશોરાવસ્થમાંથી પસાર થતી વખતે ફિલ્મો, મોબાઈલ જેવા માધ્યમથી પ્રભાવીત ન થતા હદયને બદલે બુધ્ધીથી વિચારતા થાય અને મહાત્મા ગાંધી, સરદાર પટેલ જેવા મહાન વ્યકિતઓના જીવનચરીત્ર વાંચી જીવનમાં આગળ વધે તેમજ વિદ્યાર્થીઓએ તેમના માતા– પિતા અને ગુરૂજનોને પોતાના આદર્શ માનવા જોઈએ. ખેડુતોએ પ્રાકૃતિક ખેતી તરફ ફરજીયાત પાછુ વળવુ પડશે. શિક્ષકોએ, અધિકારીઓએ અને દરેક કર્મચારીઓએ પોતાને સોંપેલુ કામ નિષ્ઠાપુર્વક કરવુ જોઈએ." મહામહીમ રાજયપાલના મનનીય પ્રવચનથી વિદ્યાર્થી ભાઈઓ– બહેનો અને સભામંડપમાં ઉપસ્થિત સૌ ભાવભરી રીતે પ્રભાવીત થયેલ. કાર્યક્રમના અંતમાં "વંદેમાતરમ" રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં આ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરીમલભાઈ પંડયા, જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખેરાત સહીત જિલ્લા વહીવટીતંત્રના અધિકારીગણ, અને ગામના અગ્રણી નાગરીકો ઉપસ્થિત રહેલ. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સી.આર.સી. મયુરભાઈ દેસાઈએ કર્યુ હતુ.

# અમરેલી ખાતે ૭૨માં અખિલ ભારતીય સહકાર સપ્તાહનો ધ્વજવંદન કરી શુભારંભ કરાયો






ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના દિશા નિર્દેશો અનુસાર અને ગુજરાત રાજય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા સહકારી સંઘ, અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અને ટિમ સહકાર અમરેલીના સયુક્ત ઉપક્રમે અમર ડેરીના પટાંગણમાં ૭૨માં અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી ધ્વજ વંદન કરી સહકાર સપ્તાહનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે મહેમાન તરીકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ, અમરેલી જીલ્લા મધ્યસ્થ બેન્કના ઉપાધ્યક્ષ અને જીલ્લા સંઘના ડાયરેકટર અરૂણભાઈ પટેલ, ડાયરેકટર ચંદુભાઈ રામાણી, ડાયરેકટર શ્રી રામજીભાઈ કાપડિયા, જીલ્લા સંઘના યુથ ડાયરેકટર રાજભાઈ જાની, જગદીશભાઈ નાકરાણી, રવિભાઈ પંડયા, અમરેલી જીલ્લા મધ્યસ્થ બેન્કના જનરલ મેનેજર બી.એસ.કોઠીયા, અમર ડેરીના એમ.ડી.આર.એસ.પટેલ, અમરેલી જીલ્લા સહકારી સંઘના એકઝીકયુટીવ ઓફિસર ભાર્ગવભાઈ ત્રિવેદી, સહકારી આગેવાનો અને સહકારી કર્મચારીઓ હાજર રહ્યા હતા. તા. ૧૪/૧૧/૨૦૨૫થી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધી ચાલનાર ૭૨માં અખિલ ભારતીય સહકાર સપ્તાહનો સહકારી ધ્વજ વંદન કરીને શુભારંભ કરાયો હતો. ત્યારબાદ સહકાર સપ્તાહના મુખ્ય વિષય વસ્તુ ' આત્મનિર્ભર ભારત માટે સહકારી ક્ષેત્ર શ્રેષ્ઠ માધ્યમ છે ' સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટય કરી શુભારંભ કરાયો હતો. ત્યારબાદ કાર્યક્રમની સ્વાગતવિધિ અમરેલી જીલ્લા સંઘના એકઝીકયુટીવ ઓફિસર ભાર્ગવભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ આ કાર્યક્રમને આગળ વધારતા મંચસ્થ મહાનુભાવોએ સહકારના હેતુઓ અને ઉદેશોને અનુરૂપ તે વિષય પર પોતાના વિચારો રજુ કર્યા હતા.

### સાંસદ સુતરીયા, ધારાસભ્ય કસવાલાની ઉપસ્થિતિમાં

## લીલીયા મોટાનાં ક્રાંકચ ગામે ભાજપનું વિશાળ સ્નેહમિલન યોજાયુ

### અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયા પણ ઉપસ્થિત રહયા



લીલીયા, તા. ૧૫

લીલીયા મોટાના ક્રાંકચ ખાતે જિલ્લા ભાજપની સુચના અનુસાર જિલ્લા પંચાયત સીટનો સ્નેહ મિલન કાર્યક્રમ વિપુલભાઈ મગનભાઈ દુધાતના નિવાસ્થાને યોજાયો જેમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અશ્વિનભાઈ સાવલીયા, મનીષભાઈ સંઘાણી, શરદભાઈ પંડયા, મેહુલભાઈ ધોરાજીયા, સહિતના જિલ્લા ભરના ભાજપ આગેવાનો કાર્યકરો હોદ્દેદારો તાલુકા પંચાયતના સદસ્યો સહિતના તાલુકા ભરના અલગ અલગ મોરચાના પદાધિકારીઓની વિશાળ ઉપસ્થિતિમાં આ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. જેમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા વિસ્તારની જનતા માટે સુખાકારીના વિકાસ કામોને યાદ કરી કાર્યકરોને માર્ગદર્શન આપ્યું સાથે સાથે બિહારમાં એનડીએ ને મળેલ સ્પષ્ટ બહુમતી અને બિહારની જનતા આશીર્વાદને લઈ આવનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આવેલ કાર્યકરોને બિહાર વાળી કરવાનું કહેતા કાર્યકરો દ્વારા એ વાતને વધાવી લીધેલ હતી. સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા સરકારની વિવિધ યોજનાનો લાભ લોકો સુધી અને ઘર ઘર સુધી પહોંચાડવા માટેનું આહવાન કરાયું. ત્યારે ખાસ લીલીયાના જટિલ પ્રશ્ન સમા લીલીયા પીપળવા રોડ પર આવેલ રેલ્વે ફાટક કે જયાંથી સિવિલ હોસ્પિટલ લીલીયા તરફ જવાનો માર્ગ હોય. ત્યારે લીલીયાની જનતાને પડતી પારાવાર મુશ્કેલીને હલ કરવા માટે આવનારા દિવસોમાં તૈયારી બતાવી અને અંડરબ્રીજ માટેની મંજૂરી થોડા મહિના ઓમાં મળી જશે જે પ્રશ્ન અંગે કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે અને આવનાર દિવસોમાં સિવિલ હોસ્પિટલ જવાના માર્ગમાં બ્રિજ બનાવી લોકોને આ પડતી મુશ્કેલી માંથી છુટકારો અપાવવા બાહેંધરી આપી હતી. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝિંઝુવાડીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, જલ્પેશભાઈ મોવલીયા, મગનભાઈ દુધાત, મગનભાઈ કાનાની, કાનજીભાઈ નાકરાણી, રાશીભાઈ ડેર, ભનુભાઈ ડાભી, મનુભાઈ ડાવરા, ડાયમંડ એસોસિએશન પ્રમુખ ભુપતભાઈ ધામત, બાબુભાઈ ધામત, અરૂણભાઈ પટેલ સહિતના તાલુકા પંચાયત સદસ્યો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

## શાખાનાં પુષ્પો

અકબરનો દીકરો સલીમ રાજસ્થાન પર હુમલો કરવા આવ્યો. સૈનાના ઘોડા ભૂખ્યા હોવાથી એક ખેતરમાં જયાં ચણાનો ઉભો મોલ હતો ત્યાં નાખ્યા. ખેતરમાં ઉભેલા કેસરી પાઘવાળા ખેડૂતે વિનંતી કરી કર, અહિં રહેવા દો, આગળ સારૂ ખેતર બતાવું ત્યાં ચાલો. સૈનાનો અધિકારી અચરજ પામ્યો પરંતુ સારા પાકની આશાએ ચાલ્યો. રસ્તામાં ઘણા સારા ખેતરો આવ્યા પરંતુ ત્યાં અટકયા વગર ખેડૂત ઘણે દૂર એક ખેતરમાં લઈ ગયો. ખેતરમાં ઘોડા ફરી વળ્યા, ખેડૂત હરખથી જોતો હતો. સેનાપતિએ અચરજ સાથે કારણ પુછતાં ખરડૂતર કહ્યું કર, આ માઢં ખેતર છર. મારૂં ખેતર મારી નજર સામર ભલર લુંટાઈ પણ

રજુઆત : **શ્રી અર્જુન ગઢિયા**
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો

બીજાનું ખેતર લુંટાવા ન દરવાય. સેનાપતિએ સલીમને જઈ વાત કરી કે અહિંના લોકો સમર્પણ વાળા છે, આ પ્રદેશને લુંટી નહિં શકાય. અને સલીમનુ સૈન્ય પરત ફર્યું.

**સોડમ :** દેશ માત્ર શસ્ત્રથી જ નહિં સમર્પણથી પણ બચે છે.

### ૧૬ નવેમ્બર, ''રાષ્ટ્રીય પ્રેસ દિવસ''

## કેપ્ચર એવરીથીંગ, ડીકલેર મેનીથીંગ, હાઈડ નથીંગ




અમરેલી, તા. ૧૫

આજના યુગમાં પત્રકારત્વના અનેક માધ્યમો જેવા કે વર્તમાનપત્રો, સામયિકો, રેડિયો, દૂરદર્શન, ડીજીટલ મીડિયા તેને મુદ્રણ તથા દ્રશ્ય – શ્રાવ્ય એમ બે મુખ્ય માધ્યમોમાં વિભાજીત કરવામાં આવ્યા છે. પત્રકારત્વને (press) લોકશાહીના ચોથા આધારસ્તંભ (ચોથી જાગીર) તરીકે પણ ઓળખવામાં આવે છે અને પત્રકારત્વ એ આધુનિક સભ્યતાનો એક મુખ્ય વ્યવસાય પણ ગણવામાં આવે છે. ૧૬ નવેમ્બર, ૧૯૬૬થી ભારતીય પ્રેસ પરિષદે પોતાનું સત્તાવાર કાર્ય કરવાનું શરૂ કર્યુ હતું. ત્યારથી લઈ દર વર્ષે ૧૬ નવેમ્બરે 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' ઉજવવામાં આવે છે. 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' ઉજવવાનો મુખ્ય ઉદેશ દેશમાં સામાન્ય લોકોને પ્રેસ અંગે જાણકારી આપવાનો છે. પત્રકારત્વનું ક્ષેત્ર આજે વ્યાપક થયું છે. પત્રકારત્વ જનજન સુધી માહિતી પહોંચાડવાનું સાધન બની ચૂકયું છે.

લોકશાહીમાં અભિવ્યકિતની સ્વતંત્રતાની સૌ કોઈ નાગરીકને છૂટ હોય છે, ' પત્રકારત્વ' એ ફકત નામ જ નહી પરંતુ આખો ઈતિહાસ છે. આજે આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવણી કરી ત્યારે દેશને મળેલી સ્વતંત્રતામાં પત્રકારત્વનો મોટો ફાળો રહ્યો છે તે ભૂલી શકાય તેમ નથી. ગાંધીજી હોય, ઝવેરચંદ મેઘાણી હોય, અમૃતલાલ શેઠ, કરસનદાસ મૂળજી હોય કે પછી લાલ, બાલ, પાલની ત્રિપુટી કે દેશનાં સર્વ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ હોય સૌ કોઈ એ પત્રકારત્વ થકી જ આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. સંપૂર્ણ નિષ્ઠાથી દેશને જાગૃત કરવાનું કામ પત્રકારત્વ એ જ કર્યુ. મીડિયાએ સમાજનો અરીસો છે અને અરીસો જ જો સત્ય નહીં બતાડે તો શું થાય ? અંતે તો જે વાત છુપાવવામાં આવતી હોય તે જ ન્યુઝ હોય, વર્તમાન સમયમાં ડીજીટલ મીડિયા પણ ઘણું વિકસ્યું છે જયાં સારા, ખરાબ, સાચા કે ખોટા સમાચારો ઘણા આવતા હોય છે. અત્યારના 'નેટ વર્લ્ડ'માં ઘણી બધી ઘટનાઓ કે વાતોને લઈને જે સમાચારો ફેલાતા હોય છે તેમાં કુદરતી આફત કે માનવ સર્જીત વિષય ઉપર જયારે પ્રેસ પ્રસિદ્ધિ કરતા હોય ત્યારે લોકોમાં ખોટી અફવા ન ફેલાય તે માટેની ચોક્કસાઈ રાખવી પ્રેસ/મીડિયા માટે અત્યંત આવશ્યક બની જાય છે.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## સાવરકુંડલાનાં કલમનાં કસબી બિપિનભાઈ પાંધીનાં જન્મદિને શુભેચ્છા



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર અને ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાના સક્રિય સભ્ય બિપીનભાઈ પાંધીનો આજરોજ જન્મદિવસ હોવાથી મિત્રો શુભેચ્છકો શહેરના રાજકીય સામાજિક અગ્રણીઓ દ્વારા જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

બિપીનભાઈ પાંધી પોતે અખબારી રીપોર્ટિંગ ક્ષેત્રે સતત સક્રિય અને ગ્રાઉન્ડ રીયાલિટીનું તલસ્પર્શી પત્રકારત્વ દ્વારા લોકહિતના પ્રશ્નો અંગે વિસ્તૃત રીપોર્ટિંગ કરીને લોકપ્રશ્નોને વાચા આપવા અવિરત પ્રયાસ કરતા હોય અનેક લોકોના આશીર્વાદ પ્રાપ્ત કરતા જોવા મળે છે.

પોતે મલ્ટિડાયમેન્શનલ વ્યકિતત્વ ધરાવતાં હોવાથી અમીર, ગરીબ, પક્ષ વિપક્ષ, સાધુ સંતો તેમજ બુધ્ધિજીવોમાં ખાસ્સી લોકપ્રિયતા ધરાવે છે. આજરોજ તેઓ ૬૬ વર્ષ પૂર્ણ કરીને ૬૭માં વર્ષમાં મંગલ પ્રયાણ કરતાં હોય તેમને તંદુરસ્ત દીર્ઘાયુ જીવનની શુભકામનાઓ તેના મોબાઈલ નંબર ૯૪૨૯૦૭૭૨૮૩ પર પાઠવવામાં આવી રહી છે.

### રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ્હસ્તે

## નાની કુંકાવાવ ખાતે નવનિર્મિત ગ્રામ પંચાયતના મકાનનું લોકાર્પણ

### અંદાજે રૂ. ૭૧ લાખના ખર્ચે તળાવ-ચેકડેમના નવિનીકરણ



અમરેલી, તા. ૧૫

ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ્હસ્તે આજરોજ અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના વિવિધ કામોનું ખાતમુહૂર્ત–લોકાર્પણના કાર્યક્રમો યોજાયા હતા.



રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ નાની કુંકાવાવ ખાતે સરદાર પ્રાથમિક શાળા–પ્રાર્થના ખંડનું લોકાર્પણ કર્યુ હતું. ઉપરાંત મનરેગા યોજના અન્વયે રૂ. ૧૭ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ સચિવાલયના અદ્યતન મકાનનું ઉદ્ઘાટન કર્યુ હતું.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ નાની કુંકાવાવ ખાતે કુલ રૂ. ૭૧ લાખના ખર્ચે તળાવ નવીનીકરણ અને કુલ રૂ. ૪૫ લાખના ખર્ચે પુર સરંક્ષણ દિવાલના વિકાસ કામનું ખાતમુહૂર્ત કર્યુ હતું. ઉપરાંત નાની કુંકાવાવથી નવા ઉજળા વચ્ચે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ. ૧.૧૫ કરોડના ખર્ચે નવા રોડના વિકાસકામનો ખાતમુહૂર્ત કરીને પ્રારંભ કરાવ્યો હતો. ઉર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ નાની કુંકાવાવ ખાતે વિવિધ વિકાસકામના ખાતમુહૂર્ત– લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતુ કે, દરેક વિકાસકામો થકી નાગરિકોને વિવિધ સગવડતાઓ મળે છે. રાજય સરકાર શહેરની સાથે ગ્રામ્ય કક્ષાએ પણ વિકાસકામો માટે ત્વરાએ ગ્રાન્ટની ફાળવણી કરે છે. મોટી કુંકાવાવ સ્થિત તાલુકા પંચાયત કચેરી નજીકના ગ્રાઉન્ડમાં આજથી ટેકાના ભાવે મગફળી સહિતની જણસીની ખરીદીનો પ્રારંભ થયો છે. આ નવા સેન્ટર પર રાજયમંત્રી વેકરીયાએ ખેડૂતોની મગફળીની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરાવ્યો હતો.

રાજયમંત્રીએ જણાવ્યું કે, તાજેતરમાં કમોસમી વરસાદના પગલે ખેડૂતોને નુકશાન વેઠવું પડયું છે. રાજય સરકારે પંચરોજ કામના આધારે બનતી ત્વરાએ ખૂબ જ જલ્દીથી ઐતિહાસિક રૂ. ૧૦ હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કર્યુ છે. રાહત પેકેજ બદલ રાજયમંત્રીએ રાજય સરકારનો સહર્ષ આભાર વ્યકત કર્યો હતો. ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયામાં ખેડૂતોને કોઈ મુશ્કેલી ન પડે તે રીતે ખરીદી પ્રક્રિયાનું સંચાલન કરવા બાબતે રાજયમંત્રી કૌશિકભાઈએ મોટી કુંકાવાવ યાર્ડના ઉપસ્થિત સત્તાધીશો અને અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

નાની કુંકાવાવ મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત – લોકાર્પણ પ્રસંગે અગ્રણી અતુલભાઈ કાનાણી, તાલુકા પંચાયત હોદ્દેદારો, ગ્રામ પંચાયત સરપંચ, સભ્યો, કુંકાવાવ–વડીયા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા ખાતે શ્રી ગોવર્ધનનાથજી અને મહાપ્રભુજીનાં અન્નકુટ દર્શન યોજાયા

ચલાલા, તા. ૧૫

શ્રી પુરૂષોત્તમ લાલજી મહારાજની આજ્ઞાને મહાપ્રભુજીના સાનિધ્યમાં તારીખ ૧૪/૧૧/૨૫ શુક્રવારના રોજ મહાપ્રભુજી તથા ગોવર્ધનનાથજી પ્રભુના અન્નકુટ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ છે, જેના મુખ્ય મનોરથી વસંતભાઈ સોમૈયા મુંબઈ વાળા હતા, સાથે સાથે અનેક વૈષ્ણવો સામગ્રી મનોરથી સહ મનોરથીના સાથ સહકારથી વલ્લભકુલ પરિવારના સાનિધ્યમાં હજારો વૈષ્ણવોએ દર્શનનો અને મહાપ્રસાદનો લાભ લીધેલ હતો, આ ઉત્સવમાં ગોપાલભાઈ સુરજવડીવાળા તથા ભાનુબહેન, જગદીશભાઈ બધાએ ખુબ ભાવપુવક કિર્તન કરેલ હતા, પ્રથમ કાનજગાઈ શ્રી ગોવર્ધનપુજા, બહ્મસંબંધ થયેલ, આપશ્રી જનાના સહિત પધારી પ્રથમ પરીક્રમા કરી અન્નકુટ ઉત્સવનાં દર્શન વૈષ્ણવો માટે ખોલેલ હતા, ત્યારબાદ આરતી દર્શન થયેલ, પછી દરેક વૈષ્ણવોએ મહાપ્રસાદનો લાભ લીધેલ હતો, આ સમગ્ર ઉત્સવમાં સર્વ મનોરથીઓ, મહિલા મંડળના બહેનો તમામ કમિટીના ભાઈઓ તથા પત્રકાર મિત્રો, મીડિયા મિત્રો સૌનો સાથ સાથે સંપન્ન થયેલ છે.

# અમરેલી : જન જાતીય ગૌરવ દિવસ અને બિરસા મુંડા જન્મજયંતીની ગજેરા કેમ્પસ જ્ઞાન શકિત સ્કૂલમાં ઉજવણી










તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલતી જ્ઞાનશકિત સ્કૂલ અમરેલી ખાતે જન જાતિય ગૌરવ દિવસ તથા ક્રાંતિકારી નેતા બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. બિરસા મુંડાનો જન્મ ૧૫ નવેમ્બર ૧૮૭૫ના રોજ થયો હતો. દેશની સંસ્કૃતિ, પરંપરા, સ્વાતંત્ર્ય સંગ્રામ અને રાષ્ટ્રીય વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. આ દિવસ ન માત્ર તેમના બલિદાન અને પરંપરાનો સન્માન છે, પણ નવી પેઢીને, સંસ્કૃતિરક્ષા અને રાષ્ટ્રપ્રેમ તરફ પ્રેરિત કરવાનો મહત્ત્વપૂર્ણ પ્રસંગ પણ છે. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટ્ય તથા પ્રાર્થના સાથે કરવામાં આવી. ત્યારબાદ મહેમાનો દ્વારા જન જાતિય સમાજના ઈતિહાસ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય વિકાસમાં તેમના યોગદાન વિશે ઊંડાણપૂર્વક અને પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યાર બાદ કાર્યક્રમનો મુખ્ય આકર્ષણ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ પ્રભાવશાળી નાટક રહ્યું, બાળપણથી લઈને ક્રાંતિકારી જીવન સુધીની સફરનું સુંદર અને જીવંત ચિત્ર રજુ કરવામાં આવ્યું. જે નવી પેઢીને શિક્ષણ સાથે રાષ્ટ્રીય ગૌરવ, સંસ્કૃતિ રક્ષા અને અઘરાં સંજોગોમાં જાળવી રાખેલા સ્વાભિમાન મૂલ્યો પ્રત્યે જાગૃતિ ફેલાવી. તેમજ રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે આમંત્રિત મહેમાનો સાંસદ સભ્ય ભરતભાઈ સુતરીયા, કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પંડય, પ્રાંત અધિકારી નાકિયા, અ.પ્રદેશ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પ્રદેશ પ્રવકતા જયરાજસિંહ પરિકર, તાલુકા વિકાસ અધિકારી, વહીવટી અધિકારી, રમતગમત વિકાસ અધિકારી પુનમબેન ફૂમકીયા વગેરે મહાનુભાવો હાજર રહેલ તેમજ સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી તમામ પ્રિન્સિપાલઓ, સ્ટાફઓ તેમજ વિદ્યાર્થીઓ જોડાયેલ, કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું. સમગ્ર દિવસ ગજેરા કેમ્પસમાં ઉત્સાહ, ગૌરવ અને રાષ્ટ્રીય ભાવનાથી છલકાતો રહ્યો.

## માર્ગ બનાવનાર એજન્સી બિન અનુભવી અને બેદરકાર હોય તેવું જોવા મળી રહ્યું છે

# અમરેલીનો હાર્દસમો માર્ગ બનાવવામાં ગંભીરતાનો અભાવ

એક બાજુનો માર્ગ તૈયાર થયો તો ગટરનું કામ અધુરૂ છોડી દેવાતા ગમે તે સમયે અકસ્માતની ભીતિ

જુના હયાત માર્ગથી નવા બનેલ માર્ગમાં જવા માટેની જગ્યામાં કયાંક માટી ભરવામાં આવી તો કયાંક એમનેએમ

માર્ગની વચ્ચેનું ડીવાઈડર તોડી પડાયા બાદ નવુ ડીવાઈડર બનાવવામાં આવતુ નથી

ટ્રાફિકથી ધમધમતાં માર્ગ ઉપર ધુળની ડમરીઓ ઉડતી હોય અરાજકતાનો માહોલ જોવા મળી રહ્યો છે



અમરેલી, તા. ૧૫

અમરેલી શહેરનો જેને રાજમાર્ગ માનવામાં આવે છે જે માર્ગ ઉપર સરકારી અતિથિગૃહ, એરપોર્ટ, શાળા–કોલેજો, દવાખાનાઓ અને રહેણાંક વિસ્તાર આવેલ છે તેવા ચિતલ તરફ જતા માર્ગનાં નવિનીકરણ કાર્યમાં વ્યાપક પ્રમાણમાં અનિયમિતતાઓ જોવા મળવાની સાથે ગંભીરતાનો અભાવ, નિયમોની ઐસીતૈસી અને શહેરીજનોની સુરક્ષા સાથે ગંભીર ચેડા કરવામાં આવી રહ્યાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

એક તો માર્ગ પૂર્ણ કરવાની મુદત ૧૯ ઓકટોબર પસાર થઈ અને હજુ એક બાજુનો માર્ગ પણ પૂર્ણ થયો નથી અને જે ગતિએ કામ થઈ રહ્યું છે તે જોતા આગામી એકાદ વર્ષ સુધી માર્ગ તૈયાર થાય તેવું જોવા મળતું નથી અને શહેરીજનોને માર્ગ ઉપરથી પસાર થવામાં ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

સરદાર સર્કલથી શરૂ થયેલ માર્ગની કામગીરી દત્ત મંદિર સુધી થયેલ છે. પરંતુ માર્ગની બગલમાં હજુ સુધી નવી બનાવેલી મોટી ગટર ખુલ્લી જોવા મળી રહી છે. તેમને ઢાંકણા લગાવવામાં આવ્યા નથી અને મનફાવે તેવી વસ્તુ મુકીને આડશ કરવામાં આવી છે.

તદુઉપરાંત સામેની બાજુથી નવા બનેલ માર્ગ પર આવવા માટેની જગ્યાનું પણ અતિથિગૃહ સામે લેવલીંગ કરવામાં આવ્યું નથી અને નૂતન સ્કૂલ અને ઓમનગર નજીક માત્ર માટી પાથરીને લેવલીંગ કરાતા વાહન પસાર થાય તો ધુળની ડમરીઓ ઉડતા વાહનચાલકોને ધુળથી ન્હાયા હોય તેવો અનુભવ થઈ રહ્યો છે.

તદુઉપરાંત તોડી પડાયેલ ડીવાઈડરની જગ્યાએ સિમેન્ટનાં પોલ

અનુસંધાન પાના ૬ ઉપર

### સદ્‌ગુરૂનગર વિસ્તારમાં

## વડિયાનાં આધેડે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો

### પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૫

વડીયા ગામે આવેલ સદ્‌ગુરૂ નગરમાં રહેતાં દીપકભાઈ કાનજીભાઈ કાવઠીયા નામનાં ૪૯ વર્ષીય આધેડે ગત તા. ૧૪ના રોજ ૧૦ વાગ્યે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### અસલી સોનાનો હાર બનાવી નકલી પધરાવ્યો

## રાજુલાનાં વેપારી સાથે અજાણ્યા ઈસમે ઠગાઈ કરી ૪ લાખ લઈ લીધા

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૫

રાજુલા ગામે આવેલ ખોજા મસ્જિદ પાસે, મરચા બજારમાં રહેતાં હુસેનઅલી મુકતારઅલી અમીરી નામનાં પર વર્ષીય વેપારીની રાજુલા માર્કેટ યાર્ડ સર્કલની બાજુમાં આવેલ દુકાને ગત તા. ૧૪ના બપોરના આશરે અઢી વાગ્યાની આસપાસ કોઈ અજાણ્યા ઈસમે આવી તેમણે પ્રથમ હાર બતાવી અને તેમાંથી બે સોનાની કડીઓ વેપારીને આપી અને તેમને વિશ્વાસમાં લઈ બાદ આ અજાણ્યા આરોપીએ પોતાની પાસે રહેલ હાર સોના જેવો અને ખોટો હોય તેમ છતા સોનાનો છે તેમ કહી વેપારી પાસેથી હારના રૂપિયા ૪ લાખ રોકડા મેળવી લઈ અને વેપારી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.









## રહને કો ઘર નહી, સોને કો બિસ્તર નહી



એક તરફ સરકાર દર વર્ષે કરોડો ગરીબ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપીને છાતી ફુલાવી રહી છે. તેવા સમયે અમરેલીમાં પાલિકા કચેરી અને નાગનાથ મંદિર વચ્ચે દેવપ્રતિમાઓ મુકવા માટે બનાવવામાં આવેલ જગ્યામાં એક ગરીબ પરિવાર બાલ–બચ્ચા અને ઘરવખરી રાખીને જીંદગી પસાર કરે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે પાલિકા કચેરી સામે જ એક પરિવાર જાહેર સ્થળે જીંદગી પસાર કરે છતાં શાસકો કે અધિકારીઓની નજર પણ પડતી નથી.












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)